Reg. No. B. 876.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું;

सर्वं परवशं दुखं सर्वं मात्म वशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुख दुःखयोः ॥

વર્ષ ૧ લું.

# બુદ્ધિપ્રભા.

( LIGHT OF REASON. )

અંક ૫ મો.

नाहं पुद्गल भावानां कर्त्ताकारयिता न च ।
नानु मन्तापि चेत्यात्म-ज्ञानवान लिप्यते कथम् ॥

પ્રગટ કર્તા.
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ;
નાગોરીસરાહ-અમદાવાદ

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ 'સત્યવિજય' પ્રેસમાં સાંકળચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ. | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ અન્તરમાં સુરતા પ્રવેશના ઉદ્દગાર. | ૧૨૯ | ૫ જાપાનની સ્ત્રીઓનો ઉદ્યોગ. | ૧૫ |
| ૨ શ્રી ગુરૂબોધ. ... ... | ૧૩૦ | ૬ અથ શ્રી સોમસૌભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર. | ૧૫ |
| ૩ જ્ઞાની શુભ અને અશુભ સંયોગોના પ્રસંગોમાં અલિપ્ત રહે છે. | ૧૪૧ | | |
| ૪ વિશાળ દૃષ્ટિ અને પરોપકાર. | ૧૪૭ | | |


# લેખકો અને ગ્રાહકોને સૂચના.

---

૧ જૈનશૈલીને અનુસરી લખેલા તત્વબોધ, અધ્યાત્મબોધ, યોગવિષય, અને જૈન સમાજની વ્યવહારિક ઉન્નતિ થાય તેવા વિષયોને આ માસિકમાં સ્થાન આપવામાં આવશે. માટે લેખકોએ તેવાજ લેખો આ માસિકના તંત્રી ઉપર મોકલી આપવા.

૨ કોઈ પણ અંગત વિષય અથવા જેથી કોમમાં કુસંપ વધે તેવો કોઇ પણ લેખ આ માસિકમાં દાખલ કરવામાં આવશે નહિ.

૩ જે માસમાં લેખ દાખલ કરવો હોય તે માસની ૧ લી તારીખ અગાઉ તે લેખ મળવો જોઇએ.

૪. લેખો અથવા માસિકના લખાણ સંબંધી સઘળો પત્રવ્યવહાર તંત્રીના સરનામે કરવો. તંત્રી "બુદ્ધિપ્રભા"–રતન પોળ, અમદાવાદ એમ શરનામું કરવું.

૫. માસિકની વ્યવસ્થા સંબંધી અથવા લવાજમ સંબંધીનો પત્ર વ્યવહાર વ્યવસ્થાપકને નામે કરવો. વ્યવસ્થાપક "બુદ્ધિપ્રભા" નાગોરીસરાહ, અમદાવાદ, એમ શરનામું કરવું.

૬. બોર્ડિંગને નુકશાન ન થાય, તે માટે અગાઉથી ગ્રાહકો કરી આ માસિક પ્રકટ કર્યું છે. વળી જે લોકોને આવા કામને ઉત્તેજન આપનારા યોગ્ય સદ્દગૃહસ્થો ધારી આ માસિક મોકલાવેલ છે, તેઓએ અંક રાખવાની ના મરજી હોય તો પ્રથમથીજ કાર્ડથી ના લખી જણાવવી.

પણ કેટલાક અંક રાખ્યા પછી ના લખી આ બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતા માસિકને નાહક નુકશાનમાં ન નાંખવું. ગ્રાહકની સંખ્યા વધે તેમાં વિશેષ સુધારો કરવામાં આવશે.

લી. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડલ.

# બુદ્ધિપ્રભા.

## ( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय—भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી અગષ્ટ સન ૧૯૦૯. અંક ૫ મો.

## અન્તરમાં સુરતા પ્રવેશના ઉદ્દગારઃ

મન મોહ્યું જંગલ કેરી હરણીને. એ રાગ.

મારી સુરતા અન્તરમાંહિ લાગીરે, હું તો થઇયો અન્તરગુણ રાગીરે.મારી
દુનિયાદારી દૂર નિવારી, હું તો બનીયો અન્તર વૈરાગીરે. મારી. ૧
નરકે નારી નહિ નપુંસક, ભાન ભૂલ્યો રાગી કે હું ત્યાગીરે.મારી. ૨
દુનિયા ડહાપણુ દૂર નિવાર્યું, મોહબેટી કુમતિ દૂર ભાગીરે.મારી. ૩
અલખ અરૂપી અજરામર હું, શુદ્ધ ચેતના ઘટમાં જાગીરે. મારી. ૪
ચિદ્દઘન ચેતન પરમ મહોદય, હું તો આનંદમય વડભાગીરે. મારી. ૫
ધ્યાનદશામાં હું તું નાઠું, બ્રહ્મ ઝળહળ જ્યોતિ ત્યાં જાગીરે.મારી. ૬
બાહ્ય દુઃખ અન્તરમાં સુખડાં, એવી સ્ફુરણા મોરલી ઝટ વાગીરે.મારી. ૭
બુદ્ધિસાગર આનંદ ઘન પ્રભુ, એકરૂપે મળીને સુહાગીરે. મારી. ૮

# ગુરૂબોધ.

( ગયા અંકના પૃષ્ઠ ૧૦૪ થી ચાલુ )

પ્રતિમામાં પણ દેવની બુદ્ધિ ધારણ કરવાથી તેને માનવા પૂજવાથી ફળ થાય છે તો ગુરૂમાં દેવ જેવી પૂજ્ય બુદ્ધિ રાખવાથી વિનયવડે સર્વ સિદ્ધિ થઇ શકે તેમાં કંઇ શક નથી, ગુરૂમાં વિશેષજ્ઞાનાદિક ગુણ કે ન્યૂન હોય તો તેથી કંઇ નાખુશ થવાનું નથી. કાદવનો પુત્ર કમળ થાય છે તેમજ આપણે તો વિનયથીજ ઉચ્ચ સદ્ગુણો પ્રાપ્ત કરી શકીએ એમાં કાંઇ આશ્ચર્ય નથી. ગુરૂઓએ પણ શિષ્યોના આત્માની ઉચ્ચ સ્થિતિ થાય તેમ વર્તવું જોઇએ. ગુલામની બુદ્ધિથી શિષ્યોને ન જોવા જોઇએ, શ્રી સદ્ગુરૂનો ખરા અંતઃકરણથી જે વિનય કરે છે તેને દેવતાઓ સહાય કરે છે. શિષ્યો પોતાના ગુરૂ કરતાં અન્ય ગુરૂઓને વખાણે, તેમને સારા ગણે, તેમાં તેઓ વિચારે તો માલુમ પડશે કે પોતાના ગુરૂના ગુણો ગાતાં આત્માનું વિશેષતઃ હિત થઇ શકે છે. ગુરૂ સંબંધી એક પણ અશુભ વિચાર મનમાં ન પ્રકટ થવા દેવો. લોકોને દેખાડવાને માટે અને લોકોમાં કીર્તિ થાય વા કંઈ ગરજ લેઇ ઉપર ઉપરથી ગુરૂનો વિનય કરવાથી આત્મહિત સાધી શકાતું નથી. કેટલાક તો બહુ માનપૂર્વક ગુરૂનો વિનય કરે છે, કેટલાક અંતરથી વિનય કરે છે પણ બાહ્યમાં અવિનયી જણાય છે. કેટલાક બાહ્ય અને અંતરથી વિનય સેવે છે. વિનયથી સદ્ગુરૂનો આત્મા પ્રસન્ન થાય છે. વિનયથી શિષ્યના અનેક દોષોનો નાશ થાય છે. વિનયનું ફળ મળ્યા વિના રહેતું નથી. ભવ્ય શિષ્યોએ શ્રી સદ્ગુરૂ મુનિરાજની આજ્ઞા માની વિનય સેવવો. ગુરૂ મહારાજની આજ્ઞા અમૃતની પેઠે ગણી તુરત અંગીકાર કરવી. ગુરૂનું વચન કદી લોપવું નહિ. રાજપુત્રો વગેરેના કરતાં શિષ્યોનો વિનય અલૌકિક હોવો જોઇએ.

**શિષ્યોના વિનયથી દુનિયા પર અસર.**

શિષ્યોના વિનયથી જગતના જીવો પણ વિનય કરતાં શિખે છે અને શિષ્યો પણ જ્યારે ગુરૂપદને પામે છે ત્યારે તેમના પ્રતિ તેમના શિષ્યો પણ સારા વિનયથી વર્તે છે. જગતના જીવો જેવું દેખે છે તેવું શિખે છે. શિષ્યોનો ઉક્તવિનય દેખી તેઓ પણ શિષ્યોના પ્રતિ પ્રેમભક્તિમાન અને પૂજ્યબુદ્ધિથી જુએ છે અને તેઓ પોતાના કુટુંબમાં વિનયનો પ્રચાર કરે છે, તેઓ કલેશ કે કંકાસથી મુક્ત થાય છે. દુનિયા જેવું દેખે છે તેવું આચરે છે. દુનિયાને ઉચ્ચ વિનયવાળી બનાવવી હોય તો શિષ્યોએ ઉચ્ચ વિનયથી વર્તવું જોઇએ. વિનયીશિષ્યોના દાખલા જ્યાં ત્યાં લોકો કહે છે

જગતમાં તેમનાં નામ અમર રહે છે. વિનયવંત ન બોલે તોપણ હજાર મનુષ્યો ઉપર વિનયની અસર કરી શકે છે. અવિનય શિષ્ય તે પ્રમાણે અસર કરી શકતો નથી. વિનય સદાકાળ ઉત્તમ પુરૂષો સેવી શકે છે. આજને આજ વિનયનું ફળ લેવાની બુદ્ધિ ન રાખવી, ગુરૂઓ શિષ્યોના વિનયની કસોટી કાઢે છે. તેનું હૃદય તપાસે છે. પશ્ચાત્ યોગ્ય લાગે છે તો પોતાની સઘળી વિદ્યાઓ આપી દે છે.

**એક શિષ્યે કરેલો સદ્ગુરૂનો વિનય અને તેથી મળેલી યોગવિદ્યા.**

વિનય ઉપર એક શિષ્યનું દૃષ્ટાંત સાંભળવા લાયક છે તેથી તે કહેવામાં આવે છે, **વિદ્યાપુર** નામનું એક નગર **સાભ્રમતી નદીની** પાસે હતું. ત્યાં એક યોગવિદ્યાના સંપૂર્ણ અભ્યાસી એક **યોગમુનિ** વસતા હતા, તે સ્વભાવે શાંત અને યોગના અનેક ચમત્કારોનું ઘર હતા. પોતાની વિદ્યાઓ આપવા માટે યોગ્ય શિષ્યને ખોળતા હતા. તેમના ઘણા શિષ્યો થયા પણ શિષ્યો કોઇ ટકીને રહેતા નહિ. કારણ કે આ યોગીરાજપાસે બહારની ગપસપની વાતોનો અવકાશ નહોતો. શિષ્યોની પરીક્ષા કરવા માટે તેમને ધમકાવતા. કેટલાક શિષ્યો કે જે દુનિયામાં સુખની બુદ્ધિવાળા હતા તે રહ્યા નહિ. એક ગૃહસ્થકુટુંબના એક સુપુત્રે આ યોગી પાસે દિક્ષા અંગીકાર કરી. ગુરૂનો આ સુશિષ્ય વિનય સાચવતો હતો. તોપણ ગુરૂવર્ય તેની સાથે વિશેષ સંભાષણ કરતા નહોતા. શિષ્ય વિનય હતો તેથી અનેક દુઃખો વેઠીને તેણે બાર વર્ષ ગાળ્યાં. એક દીવસ તેણે ગુરૂનો મસ્તક કોરે મુકીને વિનય કર્યો. ગુરૂને આ શિષ્ય યોગ્ય લાગ્યો. પોતાની સઘળી વિદ્યાઓ આપવાની મરજી થઇ. તોપણ છેલ્લી વારની કસોટી કરવા વિચાર થયો. યોગવિદ્યાના સામર્થ્યથી ગુરૂએ ઝાડા ઘણા શરૂ કર્યા. તોપણ શિષ્ય વિનયથી હઠ્યો નહિ, અને ગુરૂનું ઝાડાથી મલીન થએલું શરીર સાફ કર્યું. ગુરૂએ યોગ્ય ધાર્યો. અહો આ પુરૂષ

**ગુરૂએ કરેલી શિષ્યની કસોટી.**

વિદ્યાને માટે લાયક છે માટે હવે કોરા ઘડામાં જલ મંગાવીને તેને સઘળી વિદ્યાઓ આપું. શિષ્યને ઘડા લેવા કુંભારને ત્યાં મોકલ્યો. અને પાણી મંગાવ્યું. શિષ્ય કુંભારને ત્યાંથી ઘડા માગી લેઇ ભક્તોના ઘેર અચિત્તજલ લેવા ગયો. જલભૃત ઘડો લઇ ગુરૂ પાસે આવતાં એક શૂન્ય સ્થાનમાં થાક લાગવાથી આંબલીના ઝાડ તળે બેઠો, તે વખતે તેના મનમાં ખરા વિચાર આવવા લાગ્યા. અરે આટલા વર્ષ સુધી ગુરૂનો વિનય કર્યો પણ કંઇ તત્ત્વ મળ્યું નહિ. હવે અત્ર રહેવું યોગ્ય નથી. ચાલ અત્રથી ભાગી જઉં. એમ વિચાર કરી ભાગવા લાગ્યો

**ઘડાનો શિષ્ય પ્રતિ ઉપદેશ.**

ત્યારે ઘડામાંથી એકદમ અવાજ થયો કે **કેમ ભાગે** છે. શિષ્યે આ શબ્દ સાંભળ્યો અને ચમક્યો, કોણ બોલ્યું. પાછો ભાગવા લાગ્યો, પાછો અવાજ થયો. શિષ્યે પુછ્યું કોણ બોલનાર છે. ત્યારે ઘડામાંથી અવાજ થયો કે અરે શિષ્ય ! હું ઘડો છું. તું ગુરૂને મૂકી ક્યાં ભાગી જાય છે. મારા જેટલાં ત્હને દુઃખ પડયાં નથી. કેમ કંટાળે છે. ઘડો કહેવા લાગ્યો કે પ્રથમ માટીની ખાણમાંથી પ્રથમ માટી કાઢી અને ગધેડા ઉપર ચઢાવ્યો. ચૌટા વચ્ચે લેઈ જવામાં આવ્યો. પ્રથમ ખુબ કૂટયો. પાણી નાંખી ખુબ મ્હને રગદોળ્યો. પછે ચાક ઉપર ચઢાવ્યો. મારૂં મસ્તક કાપી નાખ્યું. તૈયાર કરી તડકે સૂકવ્યો. પાછી અગ્નિની જ્વાલાવાળી ભઠ્ઠીમાં ઘાલી ખુબ બાળી સેક્યો. પશ્ચાત્ બ્હાર કાઢયો. ઓછામાં પુરૂં ગામની સ્ત્રીઓ આવી ટકોરા મારવા લાગી. આટલાં બધાં દુઃખ સહન કર્યાં ત્યારે હવે હું લાયક થયો ત્યારે રાજાની રાણી મને મસ્તક ઉપર ચઢાવે છે. મોટા મોટા યોગિયોનાં હાથે ચડયો છું. હે શિષ્ય મારા જેવાં તેં દુઃખો વેઠયાં છે. તેનો જવાબ આપ. શિષ્ય આ સાંભળી બોધ પામ્યો અને ઘડાને કહેવા લાગ્યો. તું મારા ગુરૂને આ વાત કરીશ નહિ. ઘડાએ કહ્યું કે હું ઘડો નથી પણ ઘડામાં રહીને બોલનાર દેવતા છું. શિષ્યને ઉપદેશ બરાબર લાગ્યો અને વિચાર્યું કે પ્રાણ પડે તોપણ ગુરૂનો વિનય તજું નહિ. આવો ઉત્તમનિશ્ચય વિનયભાવનાધરી ગુરૂપાસે આવી વંદના કરી જલનો ઘડો આપ્યો ગુરૂએ હવે તેને પોતાની પાસે બેસારી તત્ત્વજ્ઞાનની કુંચીઓ બતાવી. આત્માની અનંત શક્તિયો છે. જો બ્રહ્મરંધ્રમાં આવી રીતે પ્રાણવાયુ લેઇ જવો. ષટ્ચક્રનું અમુક રીતે સાધન કરવું. લે આ પ. હિત મંત્ર વિદ્યાઓ. શિષ્યે પણ વિનયથી વિદ્યાઓ લીધી.

**ગુરૂએ શિષ્યને ગુપ્ત વિદ્યાઓ આપી.**

દેવતાઓ તેના વશ થઇ ગયા. રાજયોગ તથા હઠયોગની કુંચીઓ પણ સઘળી દેખાડી. શિષ્યના મુખપર વિચિત્ર આત્મતેજ ઝળકવા લાગ્યું. ગુરૂ કહે છે કે હે શિષ્ય ! આ વિદ્યાઓ યોગ્ય શિષ્ય કે જે ત્હારા જેવો થાય તેને આપજે. વિનયના અભાવે હાલ ઘણી વિદ્યાઓ અલોપ થવા લાગી છે. વિદ્યાનો દુરૂપયોગ કરીશ નહિ. કોઇના બુરામાં વિદ્યા વાપરીશ નહિ. વિદ્યાઓની અન્યને માલુમ પડે નહિ તેવી રીતે વર્તજે નહિ, તો દુનિયાના લોકોનો પરિચય વધી જશે. અને તું બાહ્ય ખટપટમાં લપટાઇ જઇશ. ત્હારી કોઇ નિંદા કરે, બુરૂ કરે તોપણ અશુભનો લેશ માત્ર પણ સંકલ્પ કરીશ નહિ. અયોગ્યને પ્રાણ પડે તોપણ વિદ્યા આપીશ નહિ. આત્મસ્વરૂપમાં સદાકાળ લીન રહેજે. બાહ્યમાં લપટાઇશ નહિ. આત્મા પ-

સ્વાત્મરૂપ છે એમ સદાકાળ ભાવના રાખજે. અહં અને મમત્વભાવ અન્તરથી જાગૃત ન થાય એમ આત્મોપયોગથી વર્તજે. કહેલા ઉપાયો પ્રમાણે ધ્યાન કરજે. અમુક વિદ્યાથી તું શ્રુતજ્ઞાનના બળવડે સર્વ જાણીશ. પણ મોહનાં મુંઝાઇશ નહિ. અપ્રમત્તભાવ સદાકાળ ધારણ કરજે. આત્મધ્યાનમાં સદાકાળ રહેજે. સદાકાળ સમાધિમાં જીવતાં પણ મોક્ષનાં સુખ ભોગવ. આ પ્રમાણે ગુરૂએ તત્ત્વોપદેશની કુંચીઓ બતાવી. શિષ્યનો અવતાર સફળ થયો. સુખી થયો.

ભવ્યો ! સમજશો કે વિનય વિના પિતા પણ પુત્રને પોતાનું દાટેલું ખાનગી ધન દેખાડતો નથી ત્યારે શ્રી ગુરૂ મુનિવર શિષ્યને શું દેખાડી શકે, યોગ્યતા વિના રાજ્ય પણ મળતું નથી તો વિનયની યોગ્યતા મેળવ્યા વિના સદ્ગુરૂ પાસેથી અંતર્ધન શી રીતે મેળવી શકાય, આત્મશક્તિ ખીલવવાની કુંચીઓ જો પ્રાપ્ત કરવી હોય તો શ્રી ગુરૂની કૃપા સંપાદન જે રીતે થાય તે રીત્યા વિનય મંત્રનું આરાધન થાય. શ્રી સદ્ગુરૂના દીક્ષિત શિષ્યો ગમે તેવી ગુરૂની આજ્ઞા પાળે છે.

**શિષ્યોને વિનયની પરીક્ષા માટે આજ્ઞા.**

**ચિદાનન્દ** નામના એક મુનિવર્ય એક નગરની બહાર રહેતા, તેમના બસે દીક્ષિત સાધુ શિષ્યો હતા. ચિદાનન્દયોગી સમર્થ યોગિરાજ હતા. શિષ્યોને આત્મહિતમાં સારી રીતે પ્રવર્તાવતા હતા, શિષ્યો પણ ગુરૂનો વિનય વૃત્તિ અનુસાર કરતા હતા. એક દીવસ સર્વ શિષ્યોનું મંડળ ઉપદેશ સાંભળતું હતું. **ચિદાનન્દ સદ્ગુરૂ** પણ આત્મસ્વરૂપના ધર્મો અનેક યુક્તિઓથી સમજાવતા હતા, ઉપદેશ આપ્યા બાદ ગુરૂ મૌન રહ્યા, તે પ્રસંગે કેટલાક શિષ્યોએ ગુરૂરાજને કહ્યું કે આ શિષ્યમંડલમાં કોણ વિશેષતઃ વિનયી છે. પ્રત્યેક શિષ્યો મનમાં એમ ધારતા હતા કે કોને ગુરૂ વિશેષ વિનયી કહેશે, શ્રી સદ્ગુરૂએ કહ્યું હે ભવ્ય શિષ્યો ! અવસરે માલુમ પડશે, ગુરૂએ પરીક્ષા કરવાનો વિચાર કરી ગુપ્તરીત્યા એક વાદી પાસે દાંત પાડી નાંખેલો એક મહાકાળો ભયંકર સર્પ મંગાવ્યો, અને તેને એક ઠેકાણે મુકાવ્યો, સર્પ પણ સમજાવ્યા પ્રમાણે લાલચોળ જિવ્હા બહાર કાઢતો હતો અને ફુંફા મારતો હતો, કાળનો કાળ હોય એવો દેખાતો હતો પ્રસંગને પામી બસે શિષ્યો ગુરૂના દર્શન કરવા આવ્યા, દર્શનવંદન કરી શ્રી ગુરૂ આગળ બેઠા, ગુરૂએ કહ્યું, હે ભવ્ય શિષ્યો ! આજ મારો એવો વિચાર થયો છે કે પેલો દૂર સર્પ દેખાય છે તેના દાંત કેટલા છે તે કોઇ શિષ્ય ગણે આ કથન સાંભળી શિષ્ય ચમક્યા-શંકા પામ્યા, સર્પ વિકરાલ દીઠો. કેટલાક

**સર્પના દાંત ગણવાની આજ્ઞા,**

તો વિચારવા લાગ્યા કે અરે, આવી બુદ્ધિ ગુરૂને કેમ સૂઝી કેટલાક તો એક બીજાને કોઇ સાંભળે નહિ તેવી રીતે હળવે હળવે કહેવા લાગ્યા કે અરે ગુરૂ મહારાજને વાયુ તો નહિ થયો હોય, કેટલાક કહેવા લાગ્યા કે શિષ્યનો પ્રાણ કાઢવાનો આ ઉપાય રચ્યો છે. કેટલાક તો મુગ્ધમતિથી વિચારવા લાગ્યા કે આવું અકૃત્ય બતાવે તે ગુરૂ શી રીતે કહેવાય, કેટલાક તો વિચારવા લાગ્યા કે કંઇ પ્રયોજન બતાવી ભાગી જવું તે યોગ્ય છે. કેટલાક તો વિચારવા લાગ્યા કે જો દાંત ગણવા જાય તે તો મરી જાય પશ્ચાત્ ગુરૂને શું, ગયો તે ગયો, પાછો આવનાર નથી. જીવતો નર ભદ્ર પામશે, મુઆ પછી કંઇ નહિ મળે. કેટલાક તો વિચારવા લાગ્યા કે સર્પના દાંત ગણવાની આજ્ઞાનું શું પ્રયોજન હશે ? આમ સર્વ વિચારવા લાગ્યા. ગુરૂએ કહ્યું કેમ કોઇ જાય છે કે નહિ સર્વ કોઇ કહેવા લાગ્યા કે, ગુરૂજી સર્વ આજ્ઞાઓ પાળી શકાય પણ આ માટે તો હિંમત થતી નથી—પગ ચાલતા નથી. એવામાં **સુનિશ્ચય**

**એક શિષ્યે આજ્ઞા માની.**

નામનો ગુરૂનો શિષ્ય આવ્યો. દર્શનવંદન કર્યા બાદ ગુરૂએ આજ્ઞા કરી કે પેલા સર્પના દાંત ગણીને આવ, ગુરૂની આજ્ઞામાં શો વિચાર, ગુરૂ બોલ્યા ને પરમેશ્વર બોલ્યા એમ ધારી કહેવાની સાથે ચાલ્યો, હિંમત ધારી લઘુ લાઘવી કળાથી સર્પનું મુખ ફાડયું. પણ દાંત દીઠા નહિ. ગુરૂ પાસે આવી કહ્યું. હે ગુરૂપ્રભો ! સર્પના મુખમાં દાંત નથી. ગુરૂએ તેના મસ્તકપર હસ્ત મૂકી આશીર્વાદ આપી ધન્યવાદ આપ્યો. સર્વ શિષ્યોને કહ્યું. ભો ભવ્ય શિષ્યો ! દેખો, આ **વિનયરત્ન** વિનયીની આવી સ્થિતિ હોય છે. મસ્તક કોરે મૂકીને વિનય કરનાર કયું કાર્ય સિદ્ધ કરી શકતો નથી. એક તરફ આખી દુનિયા અને એક તરફ ગુરૂનો વિનય. જે જે અંશે શિષ્યો ગુરૂનો વિનય કરે છે તે તે અંશે શિષ્યો ઉચ્ચ કોટીમાં પ્રવેશ કરે છે. જે શિષ્યો વિનય સેવે છે તેમને નમસ્કાર થાઓ. જે અવિનયી છે તેનાપર કરૂણાદૃષ્ટિ વા આત્મદૃષ્ટિ રહો. અવિનયીપર પણ દ્વેષ દૃષ્ટિ વા નીચ ભાવના થાઓ નહિ. વિનેય શિષ્યો **પરમાર્થભોગ** આપી શકે છે. વિનયનું સ્વરૂપ જાણવું તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી પણ અવિનેય શિષ્યોની નિન્દા ન કરવી એજ જાણ્યાનું ફળ છે.

**ગૃહસ્થ ભક્તોએ સાધુ ગુરૂનો વિનય કરવો**

ગૃહસ્થ પુરૂષોએ તથા સ્ત્રીઓએ સાધુ ગુરૂનો પૂર્ણ પ્રેમથી વિનય કરવો જોઇએ, સાધુ વર્ગનો વિનય ફળ આપ્યા વિના રહેતો નથી, કહ્યું છે કે શ્લોક ॥ **साधूनां दर्शनं पुण्यं, तीर्थभूताहि साधवः । तीर्थः फलति कालेन**

**જોઇએ તેમજ ગૃહસ્થ સ્ત્રી વર્ગે પણ વિનય કરવો જોઇએ.**

**સદ્યઃ સાધુ સમાગમઃ ॥ ૧ ॥** સાધુઓના દર્શનથી પુણ્ય થાય છે. જંગમ તીર્થ સ્વરૂપ સાધુઓ છે, ઉત્તમ સદ્‌ગુણી સાધુઓ સંબંધી આ લખાણ છે. સ્થાવર તીર્થથી તો પરભવમાં ફલ થાય છે. પણ જંગમ તીર્થરૂપ સાધુઓની પાસે જતાં ઉત્તમજ્ઞાન મળે છે, હૃદયની શંકાઓ ટળે છે, બ્રહ્મવિદ્યાનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે, અનેક પ્રકારના સદ્‌ગુણો મળે છે. જન્મ જરા અને મરણનાં દુઃખો નાશ પામે છે માટે સાધુઓનો વિનય કરવો જોઇએ તેમની વસ્ત્ર, પાત્ર, આહાર. શયન સ્થાન આદિથી ભક્તિ કરવી જોઇએ. તેમને સંયમ પાળવામાં સ્હાય આપવી જોઇએ તેમની નિંદા કરવી નહિ. અયોગ્ય નઠારા સાધુઓને દેખી સર્વઉપર અભાવ ધારણ કરવો નહિ. સાધુઓને પઠન પાઠનમાં વિશેષતઃ સ્હાય આપવી. સાધુઓનો વિનય કરવાથી અનેક ભવનાં કરેલ પાપોનો ક્ષય થઈ જાય છે. અને અન્ય જીવો પણ સાધુઓ બને છે. ગુરૂરૂપ સાધુઓથી અનેક જીવોની ઉચ્ચ દશા થઇ અને થશે શ્રી ગુરૂરૂપ ચારિત્ર ધારક સાધુઓની મન વચન અને કાયાથી ભક્તિ કરવી. તેમના આગળ ડહાપણ ડોળવું નહિ. તેમને છેડવા નહિ. યોગ્ય તત્ત્વોનું જ્ઞાન લેવું. યથાશક્તિ તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેમની નિંદા સાંભળવી નહિ. સૂત્રોનાં પરમ રહસ્ય સમજવાં. છતિ શક્તિએ તેમનાં દર્શન કરવાં. તેમના સદ્‌ગુણોની પ્રશંસા કરવી. ગામોગામ વિહાર કરતાં સ્હાય આપવી. તેમના સદ્‌ગુણોનું અનુકરણ કરવું. સંયમીનું બહુ માન કરતાં તેમના ગુણો હૃદયમાં પ્રકટે છે. માટે સાધુ વર્ગનો વિનય દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી યથાયોગ્ય સાચવી આત્મોન્નતિ કરવી.

---

# દીક્ષિત સાધ્વીની આવશ્યકતા અને તેનો વિનય.

સાધ્વીઓ પંચમહાવ્રત પાળી ગામોગામ વિચરે છે. પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ કરવા પ્રયત્ન કરે છે. શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞાપૂર્વક આત્મોન્નતિ કરવા પ્રયત્ન કરે છે. બ્રહ્મચર્ય વ્રત નવવાડ સાચવી પાળે છે. સ્ત્રીવર્ગમાં સાધ્વીજી સારી રીતે અસરકારક ઉપદેશ આપે છે. પુરૂષોને પણ સાધ્વીવર્ગનાં આચરણ ઉંડી અસર કરે છે. સાધ્વી વર્ગથી સંસાર સુધરે છે.

સ્ત્રીઓને સારી રીતે સમજાવનાર સાધ્વીઓ છે. સાધ્વીનાં પવિત્ર આચરણો બોલ્યા વિના પણ સ્ત્રીવર્ગ તથા પુરૂષ વર્ગ ઉપર હજાર ગણી અસર કરે છે. જૈનવર્ગમાં સાધ્વી થવાનો રીવાજ અનાદિકાળનો છે. જૈનધર્મનો ઉપદેશ આપનારી સાધ્વીઓની સંખ્યા જ્ઞાનથી વૃદ્ધિ પામે તો શિઘ્ર ઉન્નતિ થાય. અન્યકોમમાં સાધ્વીઓ થવાનો રીવાજ નથી તેથી પુનર્લગ્નનો પ્રચાર વધતો જાય છે ત્યારે જૈન વર્ગમાં આમાંનું કશું જોવામાં આવતું નથી. જૈનવર્ગમાં જે સ્ત્રી રાંડે છે તે સાધ્વી થઇ બ્રહ્મચર્ય પાળે છે. અને તેને પોતાની તથા દુનિયાની ઉન્નતિમાટે આત્મભોગ આપવો હોય તો સાધ્વીને ગુરૂ કરી ચારિત્ર અંગીકાર કરે છે. અભક્ષ્ય આહાર ટાળી આહાર વખતસર ભક્ષણ કરે છે. અનેક પ્રકારના તત્વોનો અનેક ભાષાથી અભ્યાસ કરે છે. નાત જાતનો ભેદ રાખ્યા વિના સર્વની સાથે મૈત્રીભાવ રાખી ધર્મોપદેશ આપે છે. અનાચારમાં મગ્ન થએલી ઘણી સ્ત્રીઓને સુધારી સન્માર્ગમાં લાવે છે. પગાર લેતાં નથી. પૈસા પાસે રાખતાં નથી. કહેણી અને રહેણીથી ખરેખર સાધ્વીઓ સ્ત્રીઓના હૃદયમાં ઉંડી અસર કરે છે. પતિખુન, ચોરી, જારી, માંસ, મદિરા, ક્લેશ, અજ્ઞાન. કુસંપ, વગેરે દુર્ગુણોનો નાશ કરવામાં સરકાર પણ પ્રાયઃસ્ત્રીવર્ગ ઉપર હુકમ ન ચલાવી શકે ત્યારે તેવા સ્થાને સાધ્વીઓ ઉપદેશથી અને રહેણીથી ઉંડી અસર કરી સ્ત્રીઓને સુધારી મુક્તિમાર્ગમાં ખેંચે છે. જૈન વર્ગમાં શ્રાવીકાઓના હાથે પ્રાયઃ પતિનાં ખુન બનતાં નથી તેમાં આવી ઉત્તમ પવિત્ર સાધ્વીઓનો દયામય ઉપદેશજ કારણ છે. ગમે તે સ્ત્રી શ્રદ્ધા વૈરાગ્ય પામી સાધ્વી થઇ શકે છે જે સ્ત્રીઓ સાધ્વી થાય છે તે સ્વર્ગ તથા મોક્ષનાં સુખ મેળવે છે. શ્રી હરિભદ્ર સૂરિ જેવા પણ સાધ્વીના ઉપકાર તળે દબાયા હતા. સદ્‌ગુણવાળી સાધ્વી પાસે યોગ્ય ગૃહસ્થની

**સાધ્વી શિષ્યાઓએ ગુરૂણીનો વિનય કરવો.**

સ્ત્રીઓએ દીક્ષા અંગીકાર કરી ગુરૂણીનો વિનય કરવો, તેમની પાસે દીક્ષા અંગીકાર કરી તેમની આજ્ઞાઓ ઉઠાવવી, આહાર પાણીથી ગુરૂણીની ભક્તિ કરવી—ગુરૂણીની પ્રકૃતિ ઇંગીત આકારથી જોઇ સમયાનુસારે વિનયથી વર્તવું—ગુરૂણીની આજ્ઞા પરમેશ્વરની આજ્ઞા પેઠે ઉઠાવવી—ગુરૂણીની મરજી વિરૂદ્ધ કોઇ પણ શુભ કાર્ય હોય તોપણ તે કરવું નહિ—ગુરૂણી ઉભાં થાય ત્યારે ચેલીઓએ ઉઠવું જોઇએ, ગુરૂણી કોઇ સાથે બોલે તો વચ્ચે બોલવું નહિ, ગુરૂણીને ક્રોધ ઉત્પન્ન થાય તેવું વચન બોલવું નહિ, આ ભવમાં અને પરભવમાં ગુરૂણીનો મોટો ઉપકાર છે એવી ભાવના રાખવી, ગુરૂણીથી કોઇ વાત છાની રાખવી નહિ,

જે જે ધર્મનાં કાર્ય કરવાં તેમાં ગુરૂણીની આજ્ઞા તથા સલાહ લેવી, ગુરૂણીના કાર્યમાં ભૂલ દેખાય તોપણ કોઇની આગળ બોલવું નહિ પ્રસંગ પામી તે સંબંધી ખુલાસો કરવો વડ્વો વૈરીને વશ કરે આ શિખામણ પુનઃ પુનઃ સ્મરણ કરી ગુરૂણીની આગળ વિશેષતઃ નમ્ર થવું. ચેલીઓની ભૂલ થાય અને ગુરૂણી ઠપકો આપે તો ચેલીઓએ ક્ષમા માગી. ઠપકો સહન કરવો, ગુરૂણી શિખામણ આપે તો સામું બોલવું નહિ, શ્રાવીકા અગર બીજી ચેલીઓની કુમતિયોગે ખરાબ સલાહથી ગુરૂણી સાથે વિરોધ ધારણ કરવો નહિ. ગુરૂણીની આજ્ઞામાં ધર્મ છે એમ સમજી વૈરાગ્યભાવે ચારિત્ર પાળવામાં સ્થિર થવું. પ્રાણ જાય તોપણ ગુરૂણીની નિંદા ચેલીઓએ કરવી નહિ. ગુરૂણીની નિંદા કરવાથી પોતાનું તથા ગુરૂણીનું ભલું થઇ શકતું નથી, ગુરૂણી જે જે શિક્ષાઓ આપે છે તે ફક્ત મારા આત્માના હિત માટે આપે છે તેમ સમજી ગુરૂણી ઉપર અત્યંત પ્રેમ શ્રદ્ધા ભક્તિ ધારણ કરવી. ચતુર્વિધ સંઘ તેમનો વિનય કરવો તેમના ઉપદેશામૃતનું પાન કરવું.

**શ્રાવક શ્રાવિકાઓએ સાધુઓ તથા સાધ્વીઓનો વિનય કરવો.**

શ્રાવક તથા શ્રાવીકાઓએ સાધુઓનો તથા સાધ્વીઓનો મન વચન અને કાયાથી વિનય સાચવવો.—વિનયનું ફળ શ્રાવક શ્રાવીકાઓ આ ભવમાં ચાખે છે—સાધુ તથા સાધ્વીનો વિનય ત્વરિત શુભફળ અર્પે છે—અશુભ આચારવાળાં સાધુ સાધ્વી દેખીને સર્વ ઉપરથી શ્રદ્ધા ઉઠાવવી નહિ—ચાર ખંડમાં તપાસીને જોશો તો જૈન વર્ગનાં સાધુ સાધ્વીઓ દયાદિ આચારમાં ચઢીયાતાં માલુમ પડશે—આત્મતત્ત્વ ઉપર વિશેષતઃ લક્ષ્ય ન આપ્યું તેથી જૈન ધર્મનો વિશેષ હાલ ફેલાવો થયો નહિ. દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ વિચારી સાધુ તથા સાધ્વીઓએ જાગવાની જરૂર છે. કલ્પવૃક્ષ સાધુ તથા સાધ્વીઓનો વિનય કરવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે. સાધુઓ તથા સાધ્વીઓનો મનુષ્ય જાત વિનય કરી ફળ મેળવી શકે છે. સાધુઓ તથા સાધ્વીઓની ભક્તિ કરવી. તેમના સદ્ગુણોની પ્રશંસા કરવી. તેમના ઉપર આળ ચઢાવવું નહિ. સાધુઓ તથા સાધ્વીઓના થતા ઉપકારોનો બદલો ગૃહસ્થથી કોઇ રીતે વાળી શકાય તેમ નથી. એમ જાણી તેમની આજ્ઞામાં વર્તવું. ક્રોધાવેશથી કોઇ દીવસ તેમનું અપમાન કરવું નહિ. શ્રેણિક રાજાની દેવતાએ જૂઠા સાધુના વેષ કરી પરીક્ષા લીધી હતી તોપણ શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા નહિ તેમ ભવ્ય જીવો પણ સાધુઓ ઉપરથી શ્રદ્ધા ઉઠાડતા નથી. ઉત્તમ ભક્તો ભક્તિથી સાધુ સાધ્વીઓને ધર્મકૃત્યમાં સ્હાય કરે છે.

સર્વ કરતાં સાધુ વિરતિ એટલે પાપકર્મથી વિરામ પામ્યા છે માટે મોટા છે. ગૃહસ્થ ગમે તેવો હોય તોપણ સાધુના વ્રતને પાળી શકતો નથી માટે સાધુ વર્ગની ગૃહસ્થે લઘુતા ધારણ કરવી. સર્વ દેવોના અધિપતિ ઇન્દ્ર મહારાજા પણ બ્રહ્મચર્ય ધારક મુનિવર્ગને નમસ્કાર કરે છે ત્યારે વિચારવાનું કે સાધુ વર્ગની આગળ ગૃહસ્થ મહત્તાઇ ધારણ કરે નહિ. ગૃહસ્થ સ્વાર્થમાં સપડાઇ ગામોગામ ફરી સર્વ જીવોપર કહેણી રહેણીથી ઉપકાર કરી શકતો નથી અને સાધુ વર્ગ કરી શકે છે. સાધુઓના ધર્મ તેજથી દુનિયામાં શાંતિ વર્તે છે, વૃષ્ટિ થાય છે સાધુઓની કદી નિંદા કરવી નહિ. વેષ, આચાર અને જ્ઞાનથી સાધુ તથા સાધ્વીવર્ગ જગત્‌માં સ્વપરનું હિત કરે છે. તેમનો વિનય કરવાથી આત્મા પવિત્ર થાય છે. સાધુ અને સાધ્વી વર્ગ જે જે ઉપદેશ આપે તે પ્રમાણે ગૃહસ્થ વર્ગે વર્તવું. તેમનો ઉપદેશ અમૃતસમાન ગણવો. તેમના ઉપર પ્રેમ ધારણ કરવો. જેમ જેમ વિશેષ વિશેષ સદ્‌ગુણ વાળાં સાધુ તથા સાધ્વી દેખાય તેમ તેમ વિશેષ વિનય તેમનો કરવો. તુચ્છબુદ્ધિથી સાધુ તથા સાધ્વીનો કદી અવિનય કરવો નહિ. સાધુ તથા સાધ્વીવર્ગ ગૃહસ્થમાંથી નીકળે છે માટે ગૃહસ્થો જેમ જેમ સદ્‌ગુણી થશે તેમ તેમ સાધુ તથા સાધ્વીવર્ગ પણ સદ્‌ગુણી થશે. કુવામાં જેવું જળ હશે તેવું હવાડામાં આવશે. આ નિયમ સદાકાળ વિચારવા યોગ્ય છે.

**આચાર્ય તથા ઉપાધ્યાયનો વિનય.**

જૈનવર્ગમાં સર્વ જૈનોના ઉપરી **આચાર્ય** હોય છે **આચાર્ય** ધર્મના રાજા છે. ઉપાધ્યાય યુવરાજ સમાન છે. રાજા અને પ્રધાનની પેઠે તેમના માથે જૈનધર્મનો નિરવદ્ય ભાર રહેલો છે. આચાર્ય અને ઉપાધ્યાય જો મહાજ્ઞાની આત્માર્થી દીર્ઘદૃષ્ટિવાળા હોય છે તો જૈનધર્મનો સર્વત્ર ફેલાવો કરી શકે છે અને એમની સાંકડી દૃષ્ટિ હોય છે અને ઉત્સાહી નથી હોતા તો જૈનધર્મનો ફેલાવો થતો નથી. ગમે તે ગચ્છના આચાર્ય હોય તો પણ તત્ત્વ પ્રતિ લક્ષ્ય રાખી ક્લેશની ઉદીરણા ન થાય અને સંપની વૃદ્ધિ થાય તેમ પ્રવૃત્તિ કરી જૈન ધર્મનો જમાનાને અનુસરી ફેલાવો કરવો જોઇએ તેઓ શ્રાવક અને શ્રાવીકાઓના શ્રી વીરભગવાનની પટ્ટ પરંપરાથી ઉપરી છે. શ્રાવક તથા શ્રાવીકા તરીકે રાજા રાણી હોય તોપણ શ્રીસંઘના ઉપરી **આચાર્ય** ઉપાધ્યાય છે. સાધુ તથા સાધ્વીઓ પણ તેમની આજ્ઞા પ્રમાણે ચાલે છે. આત્મસ્વરૂપમાં રહી આચાર્ય તથા ઉપાધ્યાઓએ અન્યનું ભલું કરવું જોઇએ. પંચમહાવ્રત તથા પંચાચાર પાળવા જોઇએ. આચાર્ય તથા ઉપા-

ધ્યાયમાં જે જે અંશે ત્યાગ વૈરાગ્ય જ્ઞાન હોય છે તે તે અંશે તે પોતાનું તથા પરનું ભલું કરી શકે છે. જિનાજ્ઞા પ્રમાણે આચાર્ય તથા ઉપાધ્યાયની પદવી પટ્ટ પરંપરના સુવિહિત આચાર્યો આપી શકે છે. આવા આચાર્યો તથા ઉપાધ્યાયો સદાકાળ વર્તે છે તેમનો ત્રિકરણયોગે આત્મહિતાર્થે વિનય કરવો, તેમની આજ્ઞા તે પ્રભુની આજ્ઞા સમજી મસ્તક જતાં પણ પાળવી જોઇએ. તેમની સલાહ પ્રમાણે પ્રવૃત્તિ કરવી તેમની નિંદા હેલના કરવી નહિ તેમના સદ્ગુણોનું સંકીર્તન કરવું **આચાર્ય** તથા ઉપાધ્યાયની હિત શિક્ષાઓ પ્રમાણે પ્રવૃત્તિ કરવી હિત શિક્ષા દેતાં તેમના ઉપર કદી ક્રોધ કરવો નહિ, તેમની પુંઠ પાછળ કદી નિંદાકરવી નહિ, તેમનું બહુ માન કરવાથી જૈન ધર્મની પ્રભાવના થાય છે, ચતુર્વિધ આહારથી તેમની ભક્તિ કરવી, **આચાર્યો તથા** ઉપાધ્યાયોની સલાહ પ્રમાણે જૈન ધર્મનો ફેલાવો કરવા ચતુર્વિધ સંઘે પ્રયત્ન કરવો, **આચાર્યો** તથા ઉપાધ્યાયોની આજ્ઞાવિના સ્વચ્છંદતાથી ગૃહસ્થ વર્ગ ધર્મની ઉન્નતિ કદી કરી શકતા નથી, જેનું જે કૃત્ય હોય છે તે તેજ કરે છે, તરવારનું કામ સોય કરતી નથી. અને સોયનું કામ તરવાર કરતી નથી. જે કાર્યને માટે જે નીમાયા છે તેજ તે કાર્યની ઉન્નતિ કરી શકે છે, વર્તમાન કાળમાં શ્રાવકોએ આહિત શિક્ષાને ધ્યાનમાં લેઇ વર્તવું જોઇએ, અનુભવ થશે એટલે અંતે થાકીને સૂત્રોના વચનાનુસારે **આચાર્ય** તથા **ઉપાધ્યાયની** આજ્ઞા માનવી પડશે, આચાર્યો તથા ઉપાધ્યાયોને ત્રિકાલ વંદન કરવું, રાજાના કરતાં પણ તેમની આજ્ઞા વિશેષતઃ શુદ્ધ અંતઃકરણથી માનવી.

**આચાર્ય અને ઉપાધ્યાયના વિનયથી અજ્ઞાનનો નાશ થાય છે.**

આચાર્ય અને ઉપાધ્યાયના વિનયથી અજ્ઞાનનો નાશ થાય છે. શ્રી આચાર્ય પત્થર જેવા શિષ્યને પણ નવપલ્લવિત કરે છે, અનેક પ્રકારની હૃદયમાં રહેલી શંકાઓનો નાશ કરે છે, ત્રિવિધતાપને શમાવે છે, આચાર્યના વિનયથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે, અને તેથી હૃદયમાં શુદ્ધ જ્ઞાન પ્રગટે છે, માસતુષ મુનિની પેઠે વિનય કરવાથી ક્ષણમાં કેવલજ્ઞાન પ્રગટે છે, વિનય વિના હૃદયની શુદ્ધિ થતી નથી. અને હૃદય શુદ્ધ થયાવિના વિદ્યાની પ્રાપ્તિ થતી નથી, વિનયથી આત્માના પ્રદેશોની નિર્મલતા થાય છે માટે ભવ્યજીવોએ વિધિ પુરઃસર વિનય સેવવો, જે જીવો વિનય રત્નની પેઠે ફક્ત કપટથી વિનય કરે છે તે જીવો પરમાર્થ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી.

**અવિનયથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.**

આચાર્ય અને ઉપાધ્યાયનો અવિનય કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, તેથી બુદ્ધિ નષ્ટ થાય છે, બહુ અભ્યાસ કરવાથી પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. ભણીને જીવ ભૂલી જાય છે, આચાર્ય અને ઉપાધ્યાયનો અવિનય કરવાથી નીચયોનિમાં પરિભ્રમણ કરવું પડે છે, સ્વચ્છંદચારી જીવો અજ્ઞાન વશત. સ્વાર્થની અસિદ્ધિ થતાં આચાર્ય અને ઉપાધ્યાયનાં દૂષણો વદવા કટી બદ્ધ થાય છે, તેવા જીવો કાંણા કાનની કુતરીની પેઠે ઠરીને બેસતા નથી, આચાર્ય અને ઉપાધ્યાયનો અવિનય કરતાં પરમાત્માનો પણ અવિનય કર્યો એમ સિદ્ધ થાય છે, આચાર્યની દીર્ઘ દૃષ્ટિ તથા ગંભીરતા તથા સાપેક્ષ બુદ્ધિ નહિ સમજનારા લોકો ભલે મરજીમાં આવે તેમ નિંદા હેલના કરે પણ સમજુ પુરૂષો નિંદા હેલના કરતા નથી, આચાર્ય અને ઉપાધ્યાયને સમુદ્ર, મેઘ, મેરૂપર્વત, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર વગેરેની મોટીમોટી ઉપમાઓ આપવામાં આવે છે, આચાર્ય અને ઉપાધ્યાયમાં ભૂલો કહાડવાના કરતાં તેમનામાં જ્ઞાનાદિ સદ્ગુણો હોય તેની પ્રાપ્તિ કરવી એજ આર્ય જનોનું કર્તવ્ય છે, આચાર્ય અને ઉપાધ્યાયનો બાહ્યનો આચાર કરતાં તેમનું હૃદય વિશેષત. નિર્મલ હોય છે આચાર્યોએ તથા ઉપાધ્યાયોએ સદ્ગુણો મેળવવા જોઇએ, ઉચ્ચ પદવીને માટે ઉચ્ચ ગુણોની જરૂર છે, આચાર્ય તથા ઉપાધ્યાય આદિ સન્ત મુનિવરોનો વિનય દેવદર્શનની પેઠે અમોઘ ફળ આપનારો થાય છે. સદ્ગુણ દૃષ્ટિથી વિનયનું સેવન યથા યોગ્ય જ્યાં ત્યાં કરવું જોઇએ.

**જ્યાં ત્યાંથી સદ્ગુણો મેળવવા હોય તો વિનયને સેવો**

જે જે પુરૂષોમાં સદ્ગુણો હોય તે તે સદ્ગુણો મેળવવા હોય તો પ્રથમ તેમનો વિનય કરવો જોઇએ, પુષ્કલધન આપવાથી વા સત્તાના તોરથી જે વિદ્યાઓ મળતી નથી તે વિનયથી મળે છે, સન્ત પુરૂષો સદ્ગુણો આપવા તૈયાર છે અનેક પ્રકારની ચમત્કારી વિદ્યાઓ આપવા તૈયાર છે પણ તમે તમારા આત્માને વિનયથી યોગ્ય કરશો તો તમને સર્વ વિદ્યાઓ મહાત્માઓ ( મુનિવરો ) આપશે, દેવતાનું આરાધન કરવામાં આવે છે કિંતુ વિનય હોય છે તો મંત્ર ગણતાં દેવતા ફળ આપે છે, જ્યાં ત્યાં તમે અનુભવશોતો વિનયથી જે મળે છે તે બીજા કશાથી મળતું નથી, આ વિષય ઉપર એક મહાત્મા પુરૂષનું દૃષ્ટાંત આપવામાં આવે છે તે નીચે મુજબ.

# જ્ઞાની શુભ અને અશુભ સંયોગોના પ્રસંગોમાં અલિપ્ત રહે છે.

( લેખક મુનિશ્રી બુદ્ધિસાગરજી. )

સર્વજીવોને પુણ્ય અને પાપના ઉદયથી સાનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોનો પ્રસંગ થાય છે. શુભસંયોગોમાં આત્મા શુભમનોદ્રવ્યકારણથી હર્ષ ધારણ કરે છે. અને અશુભ સંયોગોમાં અશુભમનોદ્રવ્યકારણથી ખેદ ચિંતા ધારણ કરે છે, સાનુકૂલ સંયોગોમાં આત્મા રાગ કરે છે અને પ્રતિકૂળ સંયોગોમાં આત્મા દ્વેષ ધારણ કરે છે. આવી રાગ અને દ્વેષની દશામાં આસક્ત રહેનાર આત્મા ઉચ્ચજીવન કરી શકતો નથી, નવતત્ત્વોનું તથા ષટ્ દ્રવ્યનું જ્ઞાનસહેલાઇથી થઇ શકે છે, નવતત્ત્વની શ્રદ્ધા થઇ શકે છે, પણ રાગદ્વેષને જીતવાની આત્મશક્તિ કોઇ વિરલા ધારણ કરે છે. રાગદ્વેષને જીતવા તેજ ચારિત્રકોટી કહેવાય છે ચારિત્રકોટી પ્રાપ્ત કરવાથી અનંતાનંદ થાય છે, સદ્વર્તનનો પણ ચારિત્રમાં સમાવેશ થાય છે રાગ અને દ્વેષ જિતવાથી જિનેશ્વરો પૂજ્ય ગણાયા છે આપણે પણ તે સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ છીએ.

**સુખ દુઃખમાં સમભાવ.**

**સુખ દુઃખ વાદળ છાયા પેરે ક્ષણમાં આવે જાય**—આ વાક્યનો પરમાર્થ એ છે કે બાહ્યસુખ અને દુઃખ સદાકાળ રહેતાં નથી. ઘડીમાં સુખ થાય છે અને ઘડીમાં દુઃખ થાય છે, ઘડીમાં કીર્તિ થાય છે ઘડીમાં અપકીર્તિ થાય છે, ઘડીમાં લક્ષ્મી મળે છે ત્યારે બીજી ઘડીમાં નાશ પામે છે, પુત્ર જન્મે છે ત્યારે સુખ થાય છે અને પુત્ર મરવાથી દુઃખ થાય છે આવી રીતે સુખના અને દુઃખના હેતુઓથી મનમાં સુખ અને દુઃખ પ્રગટે છે, આ ઉપરથી નિશ્ચય સમજાય છે કે સુખ અને દુઃખના હેતુઓની મનમાં સારી અને ખોટી અસર થાય છે અને તેથી સુખ દુઃખ થાય છે, મનમાં સારી અગર ખોટી અસર ન થાય તો સમભાવની સ્થિતિ પ્રાપ્ત થાય છે, જ્ઞાનિપુરૂષો મનનાં જ્ઞાનબળથી સારી અગર ખોટી અસર થવા દેતા નથી, આત્મજ્ઞાનના ઉપયોગથી વિવેકદૃષ્ટિ સત્યમાર્ગનેજ દેખાડે છે, જ્ઞાનીપુરૂષના કોઇ ગુણ ગાય છે તોપણ તેમને કંઇ સારૂ લાગતું નથી, કારણ કે તે સમજે છે કે ગુણ ગાવાથી અન્ય ને લાભ મળે છે એમાં મારૂં કંઇ જતું આવતું નથી તેમજ કોઇ નિંદા કરે આળ ચઢાવે છાપામાં અસત્ય છાપાવે તો પણ

સમજે છે કે, અન્યની નિંદાથી મારૂં કંઇ જતું આવતું નથી જે જીવ નિંદા કરે છે લખે છે છપાવે છે તેને પોતાના કૃત્યનું ફળ ભોગવવું પડે છે તેથી ઉલટા જ્ઞાનિ પુરૂષો નિંદકના ઉપર પણ દયાની દૃષ્ટિથી જુએ છે, આવી વિવેક દૃષ્ટિથી જ્ઞાનિપુરૂષો દુઃખનો સમયપણ ઉત્સવ સમાન ગણે છે, છાયામાં સર્વજીવો શાંતિથી રહે છે પણ તાપના પ્રસંગમાં શાંતિ રહેવી મુસ્કેલ છે, સુખમાં ચિત્તશાંતિમાં રહે એ બનવા યોગ્ય છે પણ દુઃખમાં ચિત્તની શાંતિ રહેવી મુસ્કેલ છે જ્ઞાનિપુરૂષો સુખના પ્રસંગ કરતાં દુઃખનાકાળમાં વિશેષતઃ આત્મદશામાં જાગ્રત રહી ધૈર્યધારણ કરી સમભાવ રાખે છે, ખરાબ

**સુખની વેળા કરતાં દુઃખની વેળામાં જ્ઞાની વિશેષતઃ સાવધાન રહે છે.**

સંયોગોના વચ્ચમાં જ્ઞાની ઉભો રહી અન્તરથી નિર્લેપ રહે છે નહિ ભડકનારા ઘોડા તથા વૃષભો રણમેદાનમાં તોપોના અવાજેથી ભડકતા નથી. તેમ જ્ઞાનિ પુરૂષ પણ દુઃખના સમયમાં ગભરાતો નથી. જ્ઞાની સમભાવથી અશાતાના ઉદયોની પેલીપાર જાય છે, દુઃખના સમયમાં તે વિશેષતઃઆત્મદશામાં જાગ્રત રહે છે, તેના સુખની પ્રસન્નતા એક સરખી કાયમ રહે છે, જ્ઞાની એમ સમજે છે કે બાહ્યના સુખ દુઃખના સંયોગોમાં મારાપણું કંઇ નથી, અહંવૃત્તિની ભાવનાનો નાશ કરવા પુનઃ પુનઃ તે મનમાં આત્મભાવના જારી રાખી તેના દૃઢસંસ્કારો રોપે છે, દુઃખના પ્રસંગમાં જ્ઞાની વિશેષતઃ વૈરાગી લાગી બને છે કારણકે જ્યારે રોગશોક વિયોગ અપકીર્તિ અલાભવગેરે કુસંયોગો દેખે છે ત્યારે તે લડૈયાની પેઠે ધૈર્ય ધારણ કરે છે અને તેને સમભાવથી ભોગવીને જીતી લેછે તેના મનમાં બાહ્યના શુભાશુભ સંયોગો અસર કરી શકતા નથી. દુઃખના સમયમાં જ્ઞાનિના આત્માનું જ્ઞાનરક્ષણ કરે છે. અને નવાં કર્મ બાંધવા દેતું નથી બાહ્યદૃષ્ટિવાળાજીવો જ્ઞાનિને દુઃખ પડતું દેખે છે પણ જ્ઞાનીતો તેને હીસાબમાં ગણતો નથી, સુખના સંયોગો કરતાં દરેક પ્રાણીને દુઃખના સંયોગો જીંદગીમાં વિશેષ હોય છે. સારાવિચારો કરતાં દરેક પ્રાણી નઠારા વિચારો ઘણા કરે છે, આ સર્વનું કારણ મન છે મન ઉન્મનેસ્થિતિમાં અળગું રહેતો સમભાવ ચારિત્રથી સાક્ષાત્ આનંદનો ભોક્તા આત્મા બને છે, આત્મજ્ઞાન અને ચારિત્રની અનંતશક્તિથી આત્મા ચિંતા શોક વગેરેને ક્ષણમાં જીતી લેછે આવા સત્પુરૂષો જલપંકજવત્ સંસારથી ન્યારા રહી શકે છે. જ્ઞાની પુરૂષ ભિક્ષા માગે છે પણ તે અન્તરથી માગતો નથી. કારણ કે તે શરીરના નભાવ માટે ભિક્ષા માગે

**જ્ઞાની પુરૂષ દુઃખમાં પણ આત્માનો આનંદ ભોગવે છે.**

છે પણ આત્માના આનંદ માટે ભિક્ષા માગતો નથી, જ્ઞાનીપુરૂષની કોઇ મશ્કરી લખે છપાવે તોપણ તેની તેને અસર થતી નથી, જ્ઞાની શરીરથી રોગી હોય તો પણ અન્તરથી તે નિરોગી રહી આત્માનંદ ભોગવે છે, ઘર બળી જાય તો પણ તેના મનમાં જરામાત્ર શોકની અસર થતી નથી, જ્ઞાનિમુનિવર્યનું કોઇ માન કરે તોપણ તેને હર્ષ થતો નથી કોઇ અપમાન કરે તો પણ તેને શોક થતો નથી, જ્ઞાનિને પ્રથમાવસ્થામાં સુખ દુઃખના સંયોગો જીતવા કઠીન લાગે છે પણ જ્ઞાનની પરિપક્વ અવસ્થા થતાં બાહ્ય શુભાશુભસંયોગોને જીતી આત્માનંદ ભોગવે છે, જ્ઞાની પોતાના આત્માવિના અન્યત્ર અહંમમત્વ બુદ્ધિધારણ કરતો નથી. ગજસુકુમાલ અને મેતાર્યમુનિના શરીરે મહાપીડા થઇ તો પણ તે આત્મસ્વરૂપમાં લીન હતા તેથી તેમને શરીરની પીડા અસર કરી શકી નહિ, કોઇ મનુષ્યને કાંટો વાગ્યો હોય છે ત્યારે તેનો કાંટો કાઢનારપુરૂષ કાંટો વાગનારને કાંટો કાઢતાં દુઃખ ન થાય તે માટે કહે છે કે, હે ભાઇ અમુક ઝાડ ઉપર જો શું થાય છે ત્યારે તેનું ચિત્ત દૃશ્યપદાર્થની સાથે લીન થાય છે કે પેલો કાંટો કાઢનાર કાંટો કાઢે છે છતાં તેને માલુમ પડતી નથી અને દુઃખ ઓછું થાય છે તેવી રીતે જ્ઞાનીપુરૂષ આત્મસ્વરૂપમાં લીન એવો થઇ જાય છે કે તેને બાહ્યનાં દુઃખ પડે છે, વેદે છે છતાં અન્તરથી આત્મસ્વરૂપમાં લીન થએલો હોવાથી આત્મસુખની ખુમારીમાં હોય છે, યોગિજ્ઞાનિને કોઇ અલ્પસામર્થ્યવાળા કહે. લખે છપાવે તોપણ યોગિજ્ઞાનિપુરૂષને તેની કંઇ અસર થાય નહિ જ્ઞાનીને તથા યોગિને કોઇ મૂર્ખ કહેતો તેથી તે મૂર્ખ બની જતા નથી, જ્ઞાનીને કોઇ જ્ઞાની કહે તેથી કંઇ જ્ઞાનિને વિશેષ લાગતું નથી, આ પ્રમાણે જ્ઞાની પુરૂષ ચારિત્ર અંગીકાર કરી રાગદ્વેષના વિકારોને જીતે છે અને જીતવા પ્રયત્ન કરે છે, કોઇ વખત પાછો પડે છે તોપણ પુનઃ ચારિત્રની સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. અને કરે છેજ.

**પરમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું માનવાથી રાગદ્વેષ થાય છે.**

આત્માના સ્વરૂપવિનાની સર્વભાવનાઓ પદાર્થોપર છે તેમાં ઇષ્ટપણું અને ખરાબ પદાર્થોમાં અનીષ્ટપણું માનવાથી અનુક્રમે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે જ્ઞાનીને પરવસ્તુમાં ઇષ્ટ અને અનીષ્ટબુદ્ધિ રહેતી નથી તેથી તેને પરવસ્તુઓ એક સરખી સમાન ભાસે છે પરવસ્તુમાં શત્રુ અને મિત્રપણાની બુદ્ધિ રહેતી નથી વસ્તુતઃ પરવસ્તુતે આત્માની નથી આત્માસર્વથી ભિન્ન છે. આત્મા **સચ્ચિદાનન્દ સ્વરૂપમય** છે, આત્માજ ખરાબ વિચારોથી દુઃખી થાયછે

અને શુભ વિચારોથી સુખી થાય છે, આત્માજ અજ્ઞાનથી પરવસ્તુમાં ઇષ્ટાનીષ્ટપણું કલ્પે છે અને આત્માજ જ્ઞાન અને ચારિત્રબળથી પરવસ્તુમાં ઇષ્ટાનીષ્ટપણું કલ્પતો નથી, જ્ઞાની સન્તપુરૂષોને મોહક પદાર્થો જેટલી મોહની અસર કરી શકતા નથી, તેના કરતાં અજ્ઞાનીઓને અનંત ગણી મોહની અસર કરે છે. **જ્ઞાની જ્ઞાનમગન રહેરે પાપ મેલ સબધોય, ઉદાસીન કરણી કરેરે, હર્ષ શોક નવિહોય,** જ્ઞાની જ્ઞાનમાં સદાકાળ મગ્ન રહી પાપ મેલને ધોઇ નાંખે છે, પ્રારબ્ધ કર્મના યોગે કાયાદિક ક્રિયાઓ કરે છે પણ તેમાં હર્ષ શોક ધારણ કરતો નથી. આવી જ્ઞાનિની દશા પ્રાપ્ત કરવા યોગ્યછે.

**આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ જ્ઞાનદશાથી નિર્લેપ રહી શકે છે.**

ધર્મ ધુરંધર ધર્મશાસ્ત્ર યોજક તથા પ્રરૂપક વ્રતપાલક આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ વિશેષતઃ તત્વજ્ઞાનના અભ્યાસી હોય છે. સર્વ ગૃહસ્થના કરતાં જ્ઞાન ચારિત્ર આનંદ આદિ સદ્ગુણો પ્રાપ્ત કરે છે તેથી તેઓ ભવ્યજનોના સંબંધમાં આવે છે, છતાં અન્તરથી ન્યારા રહી ઉપકાર કરી શકે છે, આવા આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ જ્ઞાનદશાથી આશ્રવના એટલે કર્મના હેતુઓને પણ કર્મ નાશ થાય તેવા રૂપે પરિણમાવે છે, જનસંસર્ગ શિક્ષણ આહારાદિક ક્રિયાઓ કરે છે છતાં જ્ઞાનદશાથી નિર્લેપ રહી શકે છે.

ગૃહસ્થો કરતાં આચાર્ય વગેરે વિશેષતઃ સમભાવની સ્થિતિ જ્ઞાનદશાથી જાળવી શકે છે. અને ઉપાધિના સંયોગોમાં પણ નિરૂપાધિદશા અન્તરથી ભોગવે છે. આત્મજ્ઞાન પામેલા આચાર્ય, ઉપાધ્યાય, અને ઉપાધ્યાયની વિશેષતઃ જ્ઞાન અને ચારિત્ર દશા રહી શકે છે. તેજ કારણથી પરમાત્મા સર્વજ્ઞ શ્રી વીરભગવાને આચાર્યને જ પોતાના ધર્મ શાસનના ઉપરી બનાવ્યા છે અને ગૃહસ્થને ભક્ત બનાવ્યા છે. ગૃહસ્થો પણ જ્ઞાનદશા પામી દેશ થકી ચારિત્રની દશા પ્રાપ્ત કરી શકે છે. અને કર્મનો નાશ કરવા પ્રયત્ન કરે છે. **સાધુમાર્ગ** અને **ગૃહસ્થ**ના બે માર્ગ શ્રીવીરભગવાને કેવલ જ્ઞાનથી જે વિભાગ પાડ્યા છે તે યથાયોગ્ય આત્મોન્નતિના માર્ગ છે. જેને જેવી યોગ્યતા હોય તેવા માર્ગમાં તે રહી શકે—

**જ્ઞાનિની દશા પ્રાપ્ત કરી શકાય છે.**

આત્મજ્ઞાનથી જ્ઞાનિની દશા પ્રાપ્ત કરી શકાયછે. આત્મા અનંતશક્તિનો ધણી છે. તેનાથી સર્વ બની શકે છે. જે વસ્તુને ઉદ્દેશી પ્રયત્ન કરે છે તેને તે પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે. જ્યારે તેને પોતે પ્રગટ-

વી શકે એમાં કંઈ આશ્ચર્ય નથી. આત્મજ્ઞાનમાં રમણતા કરવાથી પ્રતિદિન જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે. અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને અનેકાંત જિનાગમ જ્ઞાન માટે સદ્ગુરૂની જરૂર છે. સામગ્રીની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાન રૂપ કાર્યની સિદ્ધિ થાય છે. સાધુઓના સમાગમથી જ્ઞાનિની દશા પ્રાપ્ત થાય છે. જ્ઞાનિની દશા માટે પૂર્ણ શ્રદ્ધા પ્રેમ ભક્તિ અને સત્સમાગમની આવશ્યકતા શાસ્ત્રમાં સ્વીકારેલી છે તેથી ભવ્ય પુરૂષો તેજ માર્ગે વળી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આનંદજીવન ક્ષણે ક્ષણે ગાળે છે. આત્મજ્ઞાનિ પુરૂષોની અનુમાનથી બુદ્ધયનુસાર પરીક્ષા થઇ શકે છે. પોતાની મેળે શાસ્ત્ર વાંચતાં જે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી તેની પ્રાપ્તિ સત્સાધુઓના સમાગમથી ક્ષણમાં થાયછે.

**મનુષ્ય જન્મમાં સારમાં સાર બાહ્ય સુખ દુઃખમાં સમભાવ દશા**

જૈન સિદ્ધાંતનો ગુરૂ ગમ દ્વારા પૂર્ણ અભ્યાસ કરવાથી તત્ત્વજ્ઞાનીપણું પ્રાપ્ત થાય છે ઇંગ્લીશ વગેરે ભાષા જ્ઞાનથી કંઈ તત્ત્વજ્ઞાન કે આત્મજ્ઞાન થતું નથી માટે જિનાગમ વાંચી સાંભળી અધિકાર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરી અંતે આત્માની સમભાવ દશા સારા ખોટા પ્રસંગોમાં જાળવવી. પુત્ર શિષ્ય ધન કીર્તિ સત્તા વૈભવ આદિથી આત્માનું વસ્તુતઃ કંઈ હિત થતું નથી. આત્મજ્ઞાન પામી આત્માના શુદ્ધ સ્વભાવમાં રહેવું એજ જીવનનું સાર છે. શ્રી વીર ભગવાન્ કે જેમને ગૃહસ્થાવાસમાં ચોસઠ ઇન્દ્રો પૂજતા તેમણે આત્મજ્ઞાન અને આત્મ ચારિત્ર પ્રાપ્ત કર્યું શ્રી વીર પ્રભુ કોઇ પુજે, કીર્તિ કરે તો બાહ્ય સુખમાં આત્મત્વ માનતા નહોતા અનેક પ્રકારના ઉપસર્ગ થતાં આત્માનો સમભાવ સ્વભાવ છોડતા નહિ આવી આત્મદશા પ્રાપ્ત કરી સર્વજ્ઞ થઇ સિદ્ધ પરમાત્મા થયા તેમણે અનેક ભવથી આરંભેલી આત્મ જ્ઞાન દશા એને સત્તાવીસમા ભવમાં પૂર્ણ કરી. આપણે પણ પ્રભુના પગલે ચાલી આત્મજ્ઞાન અને સમભાવ દશાને માટે ક્ષણે ક્ષણે ભાવના કરવી આત્મ બળથી થએલી દૃઢ આત્મભાવના અંતે સમભાવની કોટીનો અનંત આનંદ પ્રાપ્ત કરાવે છે શાળાના વિભાગોની પેઠે આવી આત્મજ્ઞાનની સમભાવ દશામાં હળવે હળવે પ્રવેશ થાય છે, પ્રમાદ દશાથી પાછું પડવું થાય છે અને અપ્રમત્ત દશાથી ચઢવું થાય છે સર્વ મનુષ્યો આત્મ સ્વરૂપ બિંદુરૂપ લક્ષ્યને એકાગ્રરૂપ બાણથી વિંધવા પ્રયત્ન કરે છે તેમાં કેટલાક પાસ થાય છે અને કેટલાક નપાસ થાય છે પણ તેથી હિંમત હારવી નહિ પ્રતિદિન આત્મજ્ઞાનથી સમભાવ

દશા પ્રાપ્ત કરવા અભ્યાસમાં જોડાવું, આવી ક્રિયા કરનાર શુક્લ પક્ષીયો છે અને આવી ક્રિયામાં નહિ જોડાનાર કૃષ્ણ પક્ષીયો છે, સમભાવના મ્હેલ ઉપર ચઢવા માટે એક લાખ પગથીયાંની કલ્પના કરો કોઇ પાંચમા પગથીયે છે કોઇ હજારમા. કોઇ દશ હજારમા અને કોઇ લાખમા પગથીયે છે કોઇ સમભાવના મહેલનાં છે. કોઇ પગથીયે ચઢે છે અને ચઢીને પડે છે, આગળના પગથીયે ચઢેલા નીચલા પગથીયે રહેનારની નિંદા કરે છે. અને નીચ ગણે છે. નીચા પગથીયા વાળા આગળના પગથીયા ઉપર ચડેલા જે ઉચ્ચ ગણે છે, વસ્તુતઃ જ્યારથી જાગ્યા ત્યારથી ચઢનાર સર્વ પગથીયા ઉપર છે માટે પડતાની નિંદા નહિ કરતાં પગથીયાથી પડતા આત્માઓને ટેકો આપી આગળ ચઢાવવા જોઇએ, પણ પડનારની નિંદા હેલના કરવી નહિ, દ્રવ્ય દયા કરતાં આત્માની આવી ભાવદયામાં અનંત ગુણુ પરોપકાર સમાયો છે, આત્મજ્ઞાનની દૃષ્ટિથી સમભાવ રૂપ મહેલના પગથીયા ઉપર પગ મૂકનારે ચઢતાં ચઢતાં ઇષ્ટાનિષ્ટ સંયોગ રૂપ બે દિશાઓમાં લક્ષ્ય દેવું નહિ, આગળને આગળ ચાલ્યા જવું તે માટે કહે છે કે,

**स्वस्थ चित्ते चालवुं त्यां, मोहघाटो भेदवी;**
**घाट अवघट उतरीने, आत्मसत्ता वेदवी. जीवडा. ३**
**चित्त निज उपयोगमांहि, रात्री दीवस चालजे;**
**पामी प्रेमे देश न्हारो, निजस्वरूपे म्हालजे. जीवडा. ४**
**सारी आलम देखजे तुं, ज्योति ज्योत मिलावजे;**
**भूली जगनुं भान वाल्हम, तारी धुननी पावजे. जीवडा. ५**
**अलख अरूपी आतमा तुं, जोडीलाने जगाडजे;**
**बुद्धिसागर तरणा पाछळ, भानुने तुं भाळजे;**
**जीवडा जागीनेरे जोगीसंगे चालजे निज देशमां. ६**

સમભાવ અથવા આત્મસ્વરૂપ મૂળ ધર્મદશામાં અનુભવજ્ઞાનરૂપ યોગિની સાથે સ્વસ્થ ચિત્તે ચાલવું છે, મોહઘાટી ભેદીને અવઘટઘાટ, વઈધટ ઉતરવાનો છે આત્મસ્વરૂપમાં રમી આત્મસ્વરૂપ વેદવાનું છે, હે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો ઉપયોગ રાખી રાત્રી દીવસ ચાલજે. સર્વજ્ઞ થઇ સર્વ જગતના જ્ઞાતા દૃષ્ટા થા, સિદ્ધસ્થાનમાં સિદ્ધોની સાથે સિદ્ધતાનો સંબંધ કરજે. અજ્ઞાન

ભાવે જગતનું જે ભાન થાય છે તેને ક્ષાયિકજ્ઞાન પામી ભૂલી જજે અર્થાત્ દૂર જે ચિત્તના તારાની પેઠે અખંડ સ્થિર આત્મસ્વરૂપ પ્રાપ્ત કરજે, અલક્ષ્ય, અને અરૂપ એવા હે આત્મા તું તારી સજાતીય આત્માઓને સમભાવરૂપ શિવ મહેલના પગથીયાઓ ઉપર ચઢવા માટે જગાડજે. તરણાની પાછળ સૂર્ય રહ્યો હોય તેમ અજ્ઞાનરૂપ તરણું તેનાથી આત્મારૂપ સૂર્ય આચ્છાદિત થએલો છે તેને હે ભવ્ય અજ્ઞાનરૂપ તરણું દૂરકરી પ્રાપ્ત કરજે, આત્મજ્ઞાનથી, ત્હારૂં દર્શન થતાં સારા ખોટા સંયોગોથી ત્હારૂં કંઇ બગડનાર નથી, ત્હારા મૂળ સ્વરૂપમાં રહેવાની સ્થિતિ મેળવી શકીશ. આત્મશક્તિનો વિશ્વાસ રાખ. સારા અને ખોટા સંયોગોનાં સમભાવ રાખવાની ટેવ પાડજે તેથી તું જીવનમુક્ત થઇ અનંત આનંદનો ભોક્તા થઇશ.

---

# વિશાળ દૃષ્ટિ અને પરોપકાર.

( ૨ )

( લેખક. દોશી. મણીલાલ નથુભાઇ બી. એ. )

બીજાઓને અજાણ્યા પુરૂષોને આપણી સલાહ ઘણીવાર આપણે ધારીએ તે કરતાં પણ વધારે ઉપયોગી નીવડે છે. જે ભૂલ ખામી અથવા નિર્બળતા, તેઓ જાણી સકતા ન હોય, અથવા કોઇએ બતાવી આપી ન હોય અને જેને લીધે પોતાના વ્યાપારમાં તેઓ હરવખત નિષ્ફળ જતા હોય તે ભૂલ અને ખામી તેઓ તમારી સલાહથી જોતાં શિખે છે. સ્વજન અથવા મિત્રના શબ્દ જે અસર કરી શક્યા નહતા, તે અસર ઘણીવાર તમે અજાણ્યા તરીકે કરી શકો છો. આટલું બધું તમારૂં બીજા ઉપર ઉપકાર કરવાનું સામર્થ્ય છે, માટે પરોપકારને વાસ્તે તત્પર બનો.

જગત ભણી દૃષ્ટિ કરતાં જણાય છે કે જગતમાંના કોઇ પણ બે મનુષ્યનો અનુભવ એક સરખો હોતો નથી, આ વાત બહુ એમ માનવામાં ઘણીવાર આપણે ભુલ કરીએ છીએ, જે બાબતમાં આપણે મજબુત હોઇએ, તે બાબતમાં બીજા નિર્બળ હોય છે, અને બીજા જે બાબતમાં મજબુત હોય, તે બાબતમાં આપણે નિર્બળ હોઇએ, એમ પણ બનવા જોગ છે. અને તેથી આપણી પાસેથી બીજાને અને બીજા પાસેથી આપણને શિખવા યોગ્ય ઘણું મળી આવે છે, જુદી જુદી બાબતોનું જ્ઞાન જુદા જુદા પુરૂષો પાસેથી તેમજ વિવિધ પુસ્તકો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. સૂર્ય અનેક બારીદ્વારા

આપણા ગૃહમાં દાખલ થાય છે, જેટલી બારીઓ બંધ કરીએ, તેટલો આપણને તોટો લાભ છે. તેમ જ્ઞાન મેળવવાનાં પણ અનેક દ્વાર છે; જેટલાં દ્વાર આપણે બંધ કરી રાખીએ, તેટલું ઓછું જ્ઞાન આપણને મળે છે,

જ્ઞાન પ્રાપ્ત કરવું તે જ્ઞાની કહેવરાવવા માટે નથી પણ જ્યારે જ્યારે અનુકૂળ પ્રસંગ પડે ત્યારે ત્યારે તે જ્ઞાનનો બીજાને બોધ આપવા સારૂ તે મેળવવાનું છે. જો આ વિચારથીજ આપણે જ્ઞાન પ્રાપ્ત કરીશું તો તે જ્ઞાન આપણી અંદર રહેવા છતાં પણ જગતમાં એક શક્તિરૂપે થશે આપણું કામતો તે જ્ઞાન બીજાને મળે તે માટે શુદ્ધ પ્રણાલિકા નીક રૂપ થવાનું છે. એકવાર જો સદ્ જ્ઞાનનો ફેલાવો કરવામાં આવે તો તે એક જગ્યાએ અટકી જતું નથી, પણ સત્યની માફક ચારે બાજુએ ફેલાય છે. જેમ અરસ્પરસ માલનો બદલો કરવાથી વ્યાપારને પુષ્ટિ મળે છે, અને તે વૃદ્ધિ પામે છે, તેજ રીતે જ્ઞાનનો અદલાબદલો કરવાથી, આપણું જ્ઞાન બીજાને શિખવવાથી અને બીજાનું જ્ઞાન આપણે શિખવાથી, ઉન્નતિનું કાર્ય આગળ વધે છે. જે મધ્ય બિન્દુ ( centre ) પર ઉભા રહેવાથી બીજાના માર્ગ પર પ્રકાશનાં કિરણ પડે, તેવા મધ્ય બિન્દુ રૂપ દરેક સ્ત્રી યા પુરૂષે થવાનો પ્રયત્ન કરવો.

સુવર્ણની કે જ્ઞાનની ગમે તેવા પ્રકારની દોલત હોય, પણ જ્યાં સુધી આપણા પોતાના લાભ વાસ્તેજ તે મેળવવા આપણે મથીએ છીએ, ત્યાં સુધી યાદ રાખવું જોઇએ કે ખરો **સંતોષ** અને **આનંદ** મેળવવાના માર્ગથી આપણે દૂર છીએ. પોતાનાં જ્ઞાન, સત્તા, ધન બળ વગેરેનો લાભ બીજાને આપવા તત્પર રહેવું, એ ખરા શાશ્વત આનંદને સારૂ બહુજ જરૂરનું છે. વળી આ સાથે નિરંતર હૃદય આગળ ખ્યાલ રાખવો જોઇએ કે આપણા કરતાં તેની વધારે જરૂર વાળા પુરૂષો પણ જગતમાં વસે છે.

જો આ બાબતનો યથાર્થ ખ્યાલ એકવાર પણ મનુષ્યના હૃદયમાં સજડ દાખલ થાય તો તે મનુષ્ય પોતાના વખતનો અને ધનનો સદુપયોગ કરશે, અને પોતાને આવો સારો ઉપયોગ કરવાનો પ્રસંગ મળ્યો તેથી હૃદયમાં આનંદ પામશે

જો આપણી જીગરની ઇચ્છા હોય તો આપણે બીજા પુરૂષોપર બહુજ સારીઅસર કરી શકીએ. પણ તે ઇચ્છાને **ફરજ** રૂપે **કર્તવ્ય** રૂપે બલ્કે **ધર્મ** રૂપે ગણતાં શિખવું જોઇએ; નહિ તો તે ઇચ્છા કદી સફળ થશે નહિ; પણ કેવળ ઇચ્છા રૂપેજ રહેશે. અને બને કે તે ઇચ્છા પુરે પુરી સફળ ન

થાય તો પણ તેને કર્તવ્યરૂપે ગણવાથી આપણું લક્ષ તે તરફ વિશેષ દોરાશે, અને દરરોજ પરોપકાર કરવાના પ્રસંગ શોધતા ફરીશું.

દિલસોજી, પ્રેમ, સલાહ, અને ઉત્તેજનના શબ્દોની કેવી સારી અસર થાય છે, તેનો આપણે ટુંક વિચાર ઉપર કરી ગયા. આ સાથે એ યાદ રાખવું જોઇએ કે આપણા **આચાર વર્તન**ની ચારિત્રની પણ અસર થાય છે. **શબ્દો**થી આપણે બીજાપર જે અસર કરી શકીએ તેના કરતાં વધારે અસર આપણે આપણા **ચારિત્રથી** બીજાને કરી શકીએ છીએ, કારણ કે આતો પ્રાચીન નિયમ છે કે: "**શબ્દો કરતાં કાર્યો વધારે મોટેથી બોલે છે.**"

આપણાં ચારિત્ર અથવા આપણાં વર્તનને લીધેજ આપણા જાતિ ભાઇઓ આપણે પગલે ચાલવાને તૈયાર થાય છે. તીર્થંકરો વગેરે સર્વપૂજ્ય અને વંદનીય પુરૂષો પોતાની પવિત્ર અને નિર્દોષ જીંદગીને લીધેજ બીજાઓને પોતાના તરફ આકર્ષવા સમર્થ થયા હતા. કાર્યમાં મુકયા સિવાયના શબ્દો અને વિચારો નિરર્થક છે: કારણ કે તેઓ પ્રાયઃ ખરેખર હૃદયમાંથી નીકળેલા હોતા નથી. અને તેવા શબ્દો અને વિચારો તો અંતઃકરણને ભારરૂપ અને ખોટું કાર્ય સંતાડવાના સાધનરૂપ થાય છે.

આપણો જીવન વ્યવહાર તેમજ સારૂં કાર્ય કરવાનો આપણો ઉત્સાહ, આપણે કઇ સ્થિતિમાં હાલ છીએ, તે બતાવી આપે છે. ફળની આશા સિવાય, માન અને કીર્તીના લોભ સિવાય કાર્ય કરનારને જોવાથી અધર્મિષ્ટ પુરૂષોના હૃદયમાં પણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

કેવળ નિઃસ્વાર્થ હેતુથી પ્રકટ થતી અંતઃકરણની લાગણી, અને બીજાનું ભલું કરવાની ઇચ્છા જગતના લોકો તરતજ સમજે છે, પણ બ્હારનો ઢોંગ વ્હેલો કે મોડો જણાયા વગર રહેતો નથી. જગત્ તેવા પુરૂષોથી વેગળું રહેવાને ઇચ્છે છે. ઉમદા કાર્ય કરવાને પ્રેરાયેલા કેટલાક મનુષ્યોના આશય હેતુઓ એવા ઉચ્ચ પ્રકારના હોય છે કે સર્વ ઠેકાણે તેઓ પૂજાય છે, અને તે આનાં મરણ પછી પણ તેમને લોકો નિરંતર યાદ કર્યા કરે છે.

મોટા કારખાનાઓના તેમજ મીલના માલીકો, તેમજ સત્તાધારી પુરૂષો પોતાના આશ્રિતો સેવકોપર અસર કરવાનું સામર્થ્ય ધરાવે છે પણ તે બાબતનો તેમને ભાગ્યેજ ખ્યાલ હોય છે. તેઓ પોતાના સેવકોથી, પોતાના આશ્રિતજનોથી એટલા બધા અલગ રહે છે કે તેમના પ્રત્યે નોકરવર્ગ જરા પણ માનની દ્રષ્ટિથી જોતો નથી. તે સેવક વર્ગ પોતાના નાયકોને એટલા

બધા સ્વાર્થમાં લુબ્ધ થયેલા જુએ છે કે સ્વાર્થ એજ જગતમાં જીવવાનો પરમ ઉદ્દેશ છે, એમ માનવાને તે સેવકવર્ગ દોરવાય છે. આવી ભાવના સેવકવર્ગમાં ઉત્પન્ન કરાવવા બાબત માલીકો, ઉપરીઓ, નાયકોજ જોખમદાર છે.

ખરી વાત એ છે કે લોકો એક બીજાના ઇરાદા સંબંધી શંકાની નજરથી જુએ છે, અને સઘળા પ્રત્યે ઇર્ષ્યાથી વર્તે છે, કેટલાક અપ્રમાણિક મનુષ્યના સંબંધમાં આવવાથી આવી વૃત્તિ થવા પામે એ બનવાજોગ છે, પણ તેમ કરવું એ અવાસ્તવિક છે. એક અંજીર ખરાબ નીકળ્યું, તે ઉપરથી બધા અંજીરોને ખરાબી કહી વખોડી નાખવાં, એ કેવા પ્રકારનો ન્યાય? ગાલીચાના એક ભાગપર સાહીનો ડાઘ પડેલો જોઇ, આખા ગાલીચાનો અનાદર કરવો એ તે કેવા પ્રકારની રીતિ? આ શંકા તથા ઇર્ષ્યા દૂર કરવાને **મૈત્રીભાવની** લાગણી વધારવા જેવો એક પણ ઉત્તમ માર્ગ નથી.

મૈત્રીભાવની દિલસોજીની લાગણી વધારવાનો પ્રયત્ન કરવા જતાં આપણને કેટલાક દોષયુક્ત પુરૂષો પણ માલૂમ પડે છે. પણ તેટલાજ માટે તે મનુષ્યોની વિરૂદ્ધ થવું એ અનુચિત છે. આપણે પણ અવગુણોથી ભરેલા છીએ. વળી ઘણી વાર એમ પણ બને છે કે **આપણને અપ્રિય** એવા બીજા મનુષ્યના એક નજીવા અવગુણ સારૂં આપણે તેના તરફ તિરસ્કારની વૃત્તિથી જોઇએ છીએ. શાંતિથી અને ધીરજથી તે દોષ બતાવવો એ આપણી ફરજ છે. ઘણી વાર તો તેની તે બિચારા મનુષ્યને ખબર પણ હોતી નથી. કેટલીક વાર તો તેને તે ખોડ મોટી જણાતી નથી. મનુષ્યમાં એક અવગુણ હોય તે ઉપરથી તેનો તિરસ્કાર કરવામાં, અને તેનાથી વિમુખ રહેવામાં, તેનામાં રહેલા બીજા સારા ગુણોનો લાભ આપણે મેળવી શકતા નથી. દોષયુક્ત અને અને અવગુણ ભરેલા મનુષ્યો પાસેથી પણ ઘણું શિખવાનું આપણને મળી આવે છે. કારણ કે આપણે જે બાબતમાં પછાત હોઇએ તે બાબતમાં તેઓ પ્રવીણ હોય એમ પણ બનવા જોગ છે.

મતાંતર સહિષ્ણુતા (toterance) અથવા જુદા અભિપ્રાયોને સહન કરવાની ટેવ તેમજ ખરી દયા હાલમાં બહુજ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. આવા ગુણોનો બદલો તેમના પોતાનામાંજ રહેલો છે. જેવી રીતે આપણે બીજા તરફ વર્તીએ તેવી રીતે તેઓ આપણા તરફ વર્તે એ સ્વાભાવિક છે. ઇર્ષ્યાનો બદલો ઇર્ષ્યામાં, પ્રેમનો બદલો પ્રેમમાં, અને ક્રોધનો બદલો ક્રોધમાં આવે છે. પણ આવી બાબતમાં પહેલ કરીને તેમના ઉપ

દલામાં પ્રેમ કરવો અને કડવાશના બદલામાં મીઠાશ દાખવવી એજ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે. આ કામ સુગમ નથી, પણ કરવા યોગ્ય છે. આ કામ કરવા જતાં ઘણું ધૈર્ય રાખવું પડશે. ઘણી વાર આપણે આ કામમાં નિષ્ફળ પણ નીવડીશું છતાં જો આ જગતમાં બીજાપર તમારા વર્તનની સારી અસર પાડવી હોય, અને બીજાને શુદ્ધ માર્ગે દોરાવવા તમારી ઇચ્છા હોય તો આ કાર્ય કરવું જરૂરનું છે. જે સારી રીતે જીવે છે, બીજાનાં ભલાંને વાસ્તે જીવે છે, તેજ જીવ્યો કહી શકાય, બાકી કાગડાઓ પણ પોતાનું પેટ ભરી લાંબા કાળ સુધી જીવે છે. જે મનુષ્ય મરણ પથારીએ પડયો પડયો પોતાના મન સાથે વિચાર કરતાં એમ કહી શકે કે હું જયારે જન્મ્યો હતો, ત્યારે આ જગતની જે સ્થિતિ હતી, તે સ્થિતિને મારા કાર્ય વિસ્તારના પ્રમાણમાં મારા ચારિત્રથી અને મારા ઉપદેશથી કેટલેક અંશે પણ સુધારવાને હું સમર્થ થયો છું, તેજ માણસ ખરી રીતે જીવ્યો ગણી શકાય. જો આ બાબતની ઉત્તમતાનો આપણા દિલમાં ખ્યાલ આવતો હોય તો આપણા **આચારથી ઉપદેશની** બીજાની જીંદગીપર સારી અસર કરવાનું આપણામાં સામર્થ્ય છે, એ વાત સ્મરણમાં રાખી, સર્વ બાજુએથી જ્ઞાન મેળવવા અને શુદ્ધ જીવન ગાળવા આપણે પ્રયત્ન કરવો જોઇએ.

---

# જાપાનની સ્ત્રીઓનો ઉદ્યોગ.

કોઇ પણ દેશની ચડતીનો આધાર તે દેશની સ્ત્રીઓપર રહેલો છે. કારણ કે બાળપણમાં બાળક પિતા કરતાં માતા પાસે વધારે રહે છે, અને તેથી માતાના આચાર વિચારની છાપ બાળક ઉપર પડે છે. જાપાનનો થોડા સમયપર થયેલો ઉદય જોઇ આપણી નજર જાપાન તરફ દોડે છે. જાપાનના ઉદયનું ખરૂં કારણ તેની સ્ત્રીઓજ છે, એ બાબતનો જો તમારે બરાબર ખ્યાલ લાવવો હોય તો જાપાનની સ્ત્રીઓ કેવા કેવા ઉદ્યોગમાં પોતાનો વખત પસાર કરે છે તે ઉપર જાપાનમાં રહેતા એક હિંદીએ "ઇન્ડીયન લેડીઝમેગેઝીન" ને લખેલા લેખનું ગુજરાતીમાં ભાષાંતર આપીએ છીએ.

"જાપાન દેશની સ્ત્રીઓના આપણે બે ભાગ પાડી શકીએ ઉચ્ચી સ્થિતિની ગરીબ સ્થિતિની આવા બે વિભાગ પાડી શકાય ઉચ્ચ સ્થિતિની સ્ત્રીઓ એટલે કે જેઓ પૈસાદાર છે, અને જેઓને ઉદ્યોગ વિના ચાલી શકે તેવી સ્ત્રીઓ સમજવાની છે; હલકી સ્થિતિની સ્ત્રીઓ એટલે કે જેઓ પૈસા-

દાર નથી, અને જેઓને ઉદ્યોગનો આધાર લેવો પડે છે તેવી સ્ત્રીઓ સમજવાની છે. જાપાનમાં દરેક શહેર અને ઘણાં ખરાં ગામડાં ઉંચી અને મોટી ચીમનીઓમાંથી નીકળતા ધુમાડાથી છવાયલાં દેખાય છે (એટલે કે દરેક ઠેકાણે નાના કે મોટા કારખાનાંઓ હોય છે) હિંદુસ્થાન કરતાં આ બાબતમાં જાપાન તદ્દન જુદુંજ ભાસે છે. જે લોકો મહેનત કરવાને અને કમાવાને માગે છે તેમને વાસ્તે જોઈએ તેટલું કામ છે. કોઈ પણ માણસ અહીંયાં ધંધાવગર ભુખમરાથી મરણ પામતું નથી. જેને કામ કરવું જ ન હોય અને ભુખથી મરી જવું હોય તે ભલે તેમ કરે, પણ એવા માણસ મેં કદી જોયા કે સાંભળ્યા નથી.

ધનવાન્ અને ઉચ્ચ સ્થિતિની સ્ત્રીઓ પણ કાંઈ પણ ધંધા વગરની હોતી નથી. ગુજરાનને સારૂજ ધંધો કરવો પડતો હોય તેની માફક તેઓ કામ કરે છે. જાપાનની એક સ્ત્રી જેની સાથે મારે મિત્રતા હતી, અને જે બહુ પૈસાદાર હતી, તેને મેં એક દિવસ પુછ્યું "જો કામ કર્યો સિવાય પણ તમે સુખમાં રહી શકો તેમ છો, છતાં શા સારૂ તમે કામ કરો છો?" તેણે તરતજ જવાબ આપ્યો "કા ન કરૂં તો હું શું કરૂં! તમે એમતો કહેવા માગતા નથી કે મારે મારી જીંદગી આળસમાં, નકામાં ગપ્પાં મારવામાં કે પારકી કુથળી કરવામાં ગાળવી જોઈએ. તમે કેવા મૂર્ખ દેખાઓ છો! શું તમારે ત્યાં સ્ત્રીઓ કામ કરતી નથી"

મેં જવાબ આપ્યો "ના! અમારી સ્ત્રીઓ ભાગ્યેજ કામ કરે છે." મેં મારી મૂર્ખાઇ આ રીતે સવાલ પુછીને જણાવી અને હું બીજી કોઇ સ્ત્રીને એવો સવાલપુછું તોજ મારી મૂર્ખાઇ જણાઈ આવે.

જાપાનમાં ઘણી સ્ત્રીઓ પોતાના પતિને તેના ધંધામાં મદદ કરે છે. છબી પાડવાનું કામ, શિલા છાપ, અને છાપવાનું કામ તેઓની શક્તિ બ્હારનું નથી, અર્થાત્ કારખાનાના નોકરો તરીકે, દુકાનમાં માલ વેચનાર તરીકે, અને ખેતી વાડીમાં મજુરો તરીકે તેઓ જે કામ કરે છે, તે એટલું બધું જાણીતું છે કે તેના સંબંધમાં હું વિશેષ લખવા માગતો નથી. બીજા દેશોની માફકજ તેઓ આ કામમાં ભાગ લેછે, છતાં તેમાં એક મોટો તફાવત છે સઘળી સ્ત્રીઓ કેળવાયલી હોય છે. ઓછામાં ઓછી શરૂવાતની કેળવણી દરેક સ્ત્રીને મેળવી હોય છે. જાપાનમાં પુરૂષ કે સ્ત્રી, ગરીબ કે તવંગર નીચ કે ઉંચ સર્વ બાળકોએ શરૂવાતની કેળવણી લેતીજ જોઇએ. અને તે કેળવણી મફત આપવામાં આવે છે. તેઓને શરૂવાતની કેળવણીમાં છવર્ષ

સુધી શિખવવામાં આવે છે. ગુજરાતીના ચાર અને અંગ્રેજીના ત્રણ વર્ષ એમ મળીને સાત વર્ષ શિક્ષણને પ્રાથમિક અને માધ્યમિક ગણવામાં આવે છે, ત્યાં ૭ વર્ષ એટલે એક વર્ષ ઓછું શિખવવામાં આવે છે, પણ હું ખાત્રીથી કહું છું કે તેઓને એવી સારી રીતે શિખવવામાં આવે છે, અને તેઓ એટલું બધું જાણે છે કે જેટલું હિંદુસ્થાનમાં મેટ્રીક થયેલો સામાન્ય છોકરો જાણતો હોય. આ ધંધાઓમાં સામાન્ય સ્ત્રી ( ૨૫યોન ) ૭ આના કમાય છે, તેમને કેળવણી મળેલી છે, તેથી તેઓ બહુ સારી રીતે કાર્ય કરી શકે છે, તેતો કહ્યા વિના પણ સમજાય તેવી બાબત છે. કારખાનાઓમાં કેટલીક સ્ત્રીઓ મુખ્ય કામદારનું ( ઉપરી ) કામ કરે છે.

વાજીંત્ર બનાવનારના કારખાનામાં કેટલીક સ્ત્રીઓ હારમોનીયમ, પીઆનો વગેરેના સૂરની ઉત્તમતા પરખવાનું કામ કરે છે. આવી સ્ત્રીઓ ઘણે ભાગે કોઇક ગીત શાળાની ગ્રજ્યુએટ હોય છે. તેઓ દરરોજ દોઢ રૂપૈયા કરતાં ઓછું કમાતી નથી.

વળી કેટલીક સ્ત્રીઓ ભરવાના, ગુંથવાના, સીવવાના, બનાવટી ફુલ અને ફળ બનાવવાના વગેરે કામમાં ગુંથાયેલી હોય છે. આવી સ્ત્રીઓ દરરોજ બાર આના કમાય છે: આમાં પણ જેઓ બહુ હુંશીયાર હોય છે તેઓ દોઢ રૂપૈયો પણ દરરોજ કમાય છે. આપણા દેશમાં પણ કેટલીક સ્ત્રીઓ આવા ધંધામાં ગુંથાયેલી માલુમ પડે છે, પણ જાપાનની અને આપણી સ્ત્રીઓ વચ્ચે ફેર છે. જે ધંધો કે હુન્નર તેઓ લેવા માગતી હોય તે ધંધા કે હુન્નરની નિશાળમાં તેઓ શિક્ષણ મેળવે છે. જાહેર તેમજ ખાનગી હજારો હુન્નરની શાળાઓ છે, જ્યાં આ સ્ત્રીઓ આવા અને બીજા અનેક પ્રકારના હુન્નર શિખે છે. હું હિંદુસ્થાનનાં ઘણાં વર્ષ સુધી રહ્યો છું, પણ એવી એક પણ શાળા મેં જોઇ નથી, તેમજ તેવી સંસ્થા વિષે મેં સાંભળ્યું પણ નથી,

ટાઇપરાઇટરથી કામ કરવામાં સ્ત્રીઓ બહુ હોંશીયાર હોય છે. છોકરાંઓ કરતાં તેઓ વધારે ઝડપથી અને ચોખ્ખાઇથી કામ કરે છે. અને વળી સ્ત્રીઓ સોંઘે પગારે મળી શકે છે. તેથી મોટી મોટી પેઢીઓમાં ટાઇપ રાઇટરનું કામ કરવાને હું ભાગની સ્ત્રીઆને રોકવામાં આવે છે. હિસાબ તપાસનારનું અને ટેઝરર ( ખજાનચી ) નું કામ કરનાર પણ કેટલીક વાર સ્ત્રીઓ હોય છે, જાપાનમાં તેમજ બીજે સ્થળે ટાઇપ રાઇટરના અક્ષરો પુસ્તકમાં છપાતા અક્ષરો જેવા હોય છે. કેટલીક સ્ત્રીઓ બહુ સારી

રીછે અંગ્રેજી લખી, વાંચી તથા બોલી જાણે છે; પણ તેઓ તે ન જાણતી હોય તોપણ ફીકર જેવું નથી. તેઓ પુસ્તકના અક્ષરો ઓળખે છે અને તેથી અસલમાં જેવા અક્ષરો હોય છે, તેવા અક્ષરોની નકલ કરે છે.

ઘુંટણ અને ઢીંચણ સુધી લબડતા મોટા ધોળા ઝભાવાળી ચારથી પાંચ ફીટ જેટલી ઉંચી સ્ત્રીઓ રસ્તામાં જતી માલુમ પડે છે જે શરીરનો ભાગ આ ઝભાથી નથી ઢંકાતો તે ખુલ્લો રહે છે. તેઓ લાકડાની પાવડીઓ પહેરી આમતેમ ફરે છે. આ જાપાનની સ્ત્રીઓ માંદાની માવજત કરનાર આયાનું કામ કરે છે. તેઓ આ કામ શિખવનારી નિશાળમાં દાખલ થઇ ભણેલી હોય છે, અથવા તો કોઇ ડોકટરને ત્યાં રહી આ કામનો તેઓએ અનુભવ મેળવેલો હોય છે.

અને આ બાબતનું તેઓની પાસે સર્ટીફીકેટ હોય છે. જેમની પાસે આ સર્ટીફીકેટ ન હોય તેઓને આ ધંધો કરવા દેવામાં આવતો નથી, તેઓ હોસ્પીટાળમાં નોકરી લે છે, અથવા સ્વતંત્ર રીતે આયા કે ધાત્રીનું કામ કરે છે,

રેલ્વે સ્ટેશનપર ટીકીટ વેચનાર તરીકે, ટપાલખાતામાં હાથ નીચેના કલાર્ક તરીકે, અને તારખાતામાં તાર મુકનાર તરીકે જાપાનની છોડીઓ કામ કરતી માલુમ પડે છે. ટપાલખાતામાં જ્યાં સુધી સ્ત્રીઓ મળે ત્યાં સુધી સ્ત્રીઓનેજ રાખવામાં આવે છે. થોડા વખતપરજ તે ખાતામાં ત્રણ સ્ત્રીઓ દાખલ થઇ, અને ત્યાં કામ કરનારા છોકરાઓને ઘેર બેસવું પડયું. મની-ઓર્ડર લેવાના ખાતામાં અને રજીસ્ટર કરવાના ખાતામાં પણ સ્ત્રીઓ જ ઘણે ભાગે જોવામાં આવે છે. આ બે ખાતામાં ચાલાક છોકરાઓ પણ કંટાળી જાય છે; અને ઘણી વાર ભુલો કરે છે.

આ ખાતાઓ ખરેખર કંટાળો ઉપજાવે એવાં છે, અને વારંવાર લોકો સવાલ પુછી પુછીને તે જગ્યાવાળાઓને પજવે છે. પણ આ સ્થળની સ્ત્રીઓ જરૂરની બધી માહીતી આગળથી મેળવી રાખે છે, અને તે પુછનારને ધીરજથી જવાબ આપે છે. તેઓ જરા પણ ચીડવાતી નથી, આ કારણથી જ તેઓ આ જગ્યામાં સારી રીતે નોકરી બજાવે છે.

જાપાનમાં ઉંચ પ્રકારની કેળવણી મેળવવાના અને દર્શાવવાના પ્રસંગ પણ સારા મળે છે, સ્ત્રીઓની યુનિવર્સીટીમાં ગ્રેજ્યુએટ થયેલી કેટલીક સ્ત્રીઓ અહીં માલુમ પડે છે. પ્રથમ નંબરના રાજદ્વારી વિષય ચર્ચતા દરરોજ પ્ર-

કટ થતા વર્તમાન પત્રોના એડીટર તરીકે તેઓએ કામ બજાવ્યું છે, અને કેટલાક માસિકની વ્યવસ્થા તથા અધિપતિપણું પણ સ્ત્રીઓજ કરે છે.

જે દેશનું ભવિષ્ય બાંધે છે, તે સ્ત્રી વર્ગ અહીં બહુ ઉત્તમ પ્રકારનો છે; તેઓ હાથને કેળવે છે, મગજને ખીલવે છે, અને સારી ચાલ ચલગત બાંધે છે. તે સ્ત્રી શિક્ષકો છે, સ્ત્રી શિક્ષકો તરીકે જે કામ બજાવે છે, તેમનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં ગણી શકાય, પણ આ વિષયના સંબંધમાં હું બીજા કોઇ પ્રસંગે વિશેષ લખવા માગું છું.

આબરૂદાર અને પદવીવાળી સ્ત્રીઓ જાહેર કામમાં પણ બહુ સારો ભાગ લે છે. તેઓ મંડળો સ્થાપે છે. અને તે મારફતે કામ કરે છે. ધર્મના, સમાજના, અને સ્વદેશ પ્રેમનાં કાર્યો વાસ્તે જુદી જુદી સમાજો અને સંસ્થાઓ ત્યાં છે. ત્યાં બુદ્ધધર્મ પાળનારી અને ખ્રીસ્તી ધર્મ પાળનારી સ્ત્રીઓની સમાજ છે, અને તેઓ દરેક કુટુંબમાં શાંતિ અને સુખ ફેલાવે છે. આવા કામો માટે તેઓ પુષ્કળ ધન પણ ખર્ચે છે, વળી કેળવણીના કામમાં પણ તેઓ ઘણોજ મોટો ભાગ લે છે.

જાપાનમાં મોટામાં મોટું મંડળ "**લેડીઝ પેટ્રીઓટીક એસોસીએશન**" સ્ત્રીઓનું સ્વદેશ પ્રેમીમંડળ" છે. હલકામાં હલકી સ્થિતિવાળીથી તે મોટામાં મોટી સ્થિતિવાળી દરેક સ્ત્રી જે પોતાના દેશને સારૂ કામ કરવાની ઇચ્છા ધરાવે છે, તે સ્ત્રી આ મંડળની સભાસદ થાય છે. તેનું મુખ્ય મથક જાપાનની રાજધાની ટોકીઓ શહેર છે.

પણ તેની શાખાઓ જરા પણ અગત્યતા ધરાવતા દરેક શહેરમાં છે. મુખ્ય સ્થળમાંથી દરેક મહિને એક માસિક નીકળે છે. સાધારણ વખતમાં આ મંડળો સંસાર સુધારાનું કામ કરે છે; પણ યુદ્ધના પ્રસંગે લડાઇમાં ઉતરેલા સીપાઇઓનાં કલ્યાણ વાસ્તે કામ કરે છે. તેઓનાથી બની શકે તેવી મદદ તેઓ તે સિપાઇઓને મોકલે છે. તેઓ મધ્ય રાત્રિ સુધી કામ કરી તૈયાર કરેલાં મોજાઓ, બદનો, અને ગલપટાઓ વગેરે આવા મંડળો મારફતે લશ્કરમાં લડતા સીપાઇઓ સારૂં મોકલી આપે છે. અને આ રીતે તે સીપાઇઓને તેઓ દિલાસો આપે છે, અને લડવાને ઉત્તેજિત કરે છે. દૂરથી આ શૂરવીરોનું શું બને છે, તેની તેઓ દરરોજ ખબર રાખે છે પણ કેટલીક વધારે સ્વદેશ પ્રેમી તેમજ વધારે બળવાળી સ્ત્રીઓ હોય છે કે જેઓ લડાઇમાં જાય છે, અને મજબુત માણસો સાથે અનેક પ્રકારનાં દુઃખ અનુભવે છે, અતિશય તાઢ અને સખત તડકો પણ તેઓ બહાદુરતાથી સહન

કરે છે, તેઓ માંદા અને ઘાયલ થયેલની માવજત કરવાને લડાઇના મેદાન-પર જાય છે. આ સ્ત્રીઓના મંડળને " રેડક્રોસ સોસાયટી " કહે છે મા-રશીઓનેસ ઓયામાંથી શરૂ કરીને હલકામાં હલકી સ્થીતિની સ્ત્રીઓમાંથી પણ ઘણી ખરી આ મંડળની સભાસદ છે. આ પ્રમાણે દરેક સ્ત્રી પોતાની શક્તિ અને પોતાની વિદ્યાના પ્રમાણમાં ધર્મ સંબંધી, સંસાર સુધારા સંબંધી, તેમજ નાણાં સંબંધી સ્થિતિની બાબતમાં પોતાના દેશનું કલ્યાણ કરવા મથે છે, અને આ રીતે તે છેવટે પોતાનુંજ કલ્યાણ કરે છે.

---

# અથશ્રી સોમ સોભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર.

( લેખક. રા. રા. શાહ. ગીરધરલાલ હીરાભાઇ. )

( અંક ચોથાના પાને ૧૨૮ થી અનુસંધાન. )

( ૧૦ ) રત્ન મંડન સૂરિ ઘણા નામીચા થયા.

(૧૧ ૧૨) રત્નસૂરિ અને સોમ જય સૂરિ મોટા વિદ્વાન હતા.

(૧૩) શત્રુ રાજ ઉપાધ્યાય મોટા બુદ્ધિવાન હતા.

(૧૪) જિન મંડન મહાવાચક હતા અને પોતાની વિદ્વતાથી કેટલાક રાજાઓને રંજીત કર્યા હતા.

(૧૫) સોમ સુંદર સૂરિના મુખ્ય શિષ્ય ચારિત્ર રત્ન ઉપાધ્યાય સદ્-ગુણી અને પવિત્ર હતા; અને તેમની પંડિતાઈ એવી હતી કે તેમને કૃશ સરસ્વતી કહેતા હતા.

(૧૬) સત્ય શેખર ઉપાધ્યાય, અને ( ૧૭ ) હેમ હંસ ઉપાધ્યાયની કવી બેશ તારીફ કરે છે.

(૧૮) વિવેક સાગર. (૧૯) રાજવર્ધન. (૨૦) ચારિત્રરાજ. (૨૧) પુ-ન્યરાજ. (૨૨) શ્રુત શેખર. (૨૩) વીરભુતશેખર. (૨૪) સોમ શેખર. (૨૫) જ્ઞાન કીર્તિ. (૨૬) શિવ મૂર્તિ. (૨૭) ધર્મ મંડન. (૨૮) હર્ષ મૂર્તિ (૨૯) હર્ષકીર્તિ (૩૦) હર્ષભુષણ. (૩૧) હર્ષવીર. (૩૨) અમર સુંદર (૩૩) લક્ષ્મીભદ્ર. (૩૪) સિંહ દેવ. (૩૫) રત્નપ્રભ. (૩૬) કીલસ. (૩૭) શાંતિચંદ્ર (૩૮)

વિનયસિંહ. (૩૯) હર્ષસેન ગણી અને (૪૦) હર્ષસિંહગણી. એ પ્રખ્યાત મુનિઓ છે. જે મોટા પંડિત હતા.

સોમ સુંદર સૂરિના સદ્‌ગુણી ગચ્છમાં મોહ અને દ્રોહ ન હતા તેમ પ્રમાદ અને છળ પણ કોઇ કરતું નહીં બધા સાચા બોલા હતા. અને કોઇ પર નિંદા કરતું નહીં. સોમ સુંદર સૂરિ બાળબ્રહ્મચારી હતા. તેમને કવિ શુળીભદ્રની જોડે મુકે છે. એ કાંઇ નાહની સુની વાત નથી. તેમનો ઉપદેશ ચીત્તમાં ચોટે તેવો હતો. કવિ કહે છે કે એ શોમસુંદર સૂરિનું હમેશાં ધ્યાન કરવાથી પુન્યની પ્રાપ્તી થશે.

ઉપર પ્રમાણે કાવ્યની મતલબ છે. પણ જે બીનાઓ અને ઓછવો વિગેરેનુ વર્ણન કાવ્યમાં છે તેનો, તથા જે દ્રવ્ય ધનવાન પુરૂષોએ તે ઓછવ વિગેરેમાં ખરચેલું છે તેનો ખ્યાલ અસલ કાવ્ય કે તેનું ભાષાંતર વાંચ્યા વગર આવવાનો નથી.

હવે કાવ્ય રચનાર વિશે કહીએ તો તે સોમસુંદર સૂરિના "સોમ" નામે શિષ્ય હતા. તે જેવા તેવા નોતા પણ પ્રખ્યાતિ પામેલા પંડિત હતા. (ભાષાંતર કરનાર તેમને "સૂરિ" કહે છે તે ભુલ છે. પેલો સર્ગ પુરો થયા પછી તેની જે ત્રશક મતલબ સંસ્કૃતમાં તે સર્ગના છેવટે છે તેમાં "સૂરિ" એવો શબ્દ નહીં છતાં તેના ભાષાંતરમાં "સૂરિ" શબ્દ મુક્યો છે તે ખોટું છે.) એ પંડિત સોમ વિશે પન્યાસ ગુલાબ વિજયજી માહારાજે (મને) કહ્યું છે કે એમનો રચેલો "ઉપદેશ શાત્તરી" નામે ગ્રંથ તેમની (ગુલાબ વિજયજીની) પાસે છે.

આ કાવ્ય રચાયાનું વર્ષ દસમા સર્ગના ૭૩ મા શ્લોકમાં સંવત ૧૫૨૪ બતાવ્યું છે તે બરોબર છે, એમ તપાસ કરતાં જણાય છે ત્યારે ભાષાંતરમાં ૧૫૫૪ લખ્યા છે તે ભુલ છે. સંવત ૧૪૯૯ માં સોમસુંદર સૂરિ દેવગત થયા એટલે આશરે ૨૫ વર્ષ પછી આ કાવ્ય રચાયું તેથી એમ અનુમાન થાય છે. કે કાવ્ય અંદર સોમસુંદર સૂરિ વિગેરેના લગતી જે બીના કહી છે તે રચનારની નજરની જોયેલી હતી; અથવા જેણે નજરે જોયેલી તેમની પાસેથી રચનારે સાંભળી હતી અને તેથી કરીને તે ભરંસો રાખવા લાયક છે.

આ કાવ્યમાં જે કેટલાંક નગરો અને રાજાઓ વિગેરેના નામ આવ્યાં છે તેમાંથી જેમના વિષે મારા જાણુવામાં આવ્યું છે. તે વિષે હું ટુંકામાં હવે લખું છું.

પ્રલ્હાદન નગર—આ શહેર હાલ પાલનપુરના નામથી ઓળખાય છે.

અને તે વિષે મુંબાઇ ગેઝેટીયર વાલ્યુમ ૫ પાને ૩૧૮ અને જૈન તત્ત્વાદર્શમાં પાને ૫૭૬ થી બીના મળે છે. સંવત ૧૪૩૦ માં સોમસુંદર સૂરિનો જન્મ થયો, ત્યારે એ શહેર આ કાવ્યના લખાણ પ્રમાણે ઘણુંજ આબાદ હતું એમ માલુમ પડે છે. જૈન તત્ત્વાદર્શમાં કહ્યા મુજબ સંવત ૧૩૨૩ માં પણ એ શહેર ઘણું આબાદ હતું. તે વખતે તેમાં ૮૪ શાહુકાર પાલખીએ બેસનારા હતા. વળી દરરોજ દેહરામાં શ્રાવકો મુકતા તે ચોખાનું માપ એક મુડો થતું, અને સોપારીઓનું માપ મણુ ૧૬) થતું. ત્યાં ઘણાં જિનાલયો પ્રાચીન વખતમાં હતાં તેમાં સંદેહ નથી. હાલના વખતમાં શહેર નજીકમાંથી ઘણી ભવ્ય જિન પ્રતિમાઓ પાષાણુ તેમ ધાતુની કેટલીક વાર જમીનમાંથી નીકળેલી છે. અને શહેરના બંને મ્હોટાં દેહરામાં મોજુદ છે. વળી ભાંગેલી પ્રતિમાઓ પણ એકવાર જમીનમાંથી નીકળી ત્યારે હું હાજર હતો. તે જોઇને ખેદ થયા પછી સારે ઠેકાણે પાછી ભંડારી દેવામાં આવી હતી.

પ્રલ્હાદન રાજાનો ચોકસ સમય જણાયો નથી. એ રાજા વિષે ઉપર બતાવેલ ગેઝેટીયરમાં એવું લખ્યું છે કે તે ચંદ્રાવતી નગરીના ધારા વર્ષ પરમારનો ભાઇ હતો. એ ચંદ્રાવતી મ્હોટી નગરી હતી. હાલ તેનું ખંડેર આબુજી પાસે છે એમ કહેવાય છે. વળી રાસમાળાના ગુજરાતી ભાષાંતરની બીજી આવૃત્તિ પાને ૪૦૫ માં લખાણ છે તેથી એમ અનુમાન થાય છે કે સંવત ૧૨૨૦ થી સંવત્ ૧૨૬૫ ના અરસાના લગભગ પ્રલ્હાદન રાજા થયો હોવો જોઇએ.

પ્રલ્હાદન રાજાની કથા સ્નાત્ર પંચાશીકાની ચોપડીમાં પાને ૨૪૮ થી છે. તેમાંથી એમ જણાય છે કે આબુ ઉપર કુમારપાળ રાજાના કરાવેલ દેહરામાં શ્રી પાર્શ્વનાથજીની ધાતુમય પ્રતિમા હતી તે એ રાજાએ ગાળીને મહાદેવ આગળ પોઠીઓ કરાવ્યો. પછી તેને ગળત કોઢનો રોગ થયો. કોઇ મુનિના કહેવાથી પ્રલ્હાદન નગરમાં તે રાજાએ દેહરૂં કરાવ્યું અને તેમાં કંચનમય શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપી, બહુ ભક્તિથી એ રાજાએ પૂજા કરવા માંડી તેથી તેનો રોગ ગયો.

પાલનપુરમાં હાલ મુસલમાની રાજ્ય કર્તા શ્રી શેરમહમદ ખાનજી કે. જી, સી. આઇ. ઇ. સાહેબ બહાદુર છે. તેમનો ઇલ્કાબ પ્રાચીન વખતથી દીવાનનો છે. તેઓ ઘણા ગુણવાન, કાબેલ અને પ્રજાપ્રિય રાજા છે. સોમસુંદર સૂરિના સમયમાં ત્યાં કોણ રાજ્ય કર્તા હતા તે આ કાવ્યના રચનારે જણાવ્યું નથી. સોમસુંદર સૂરિના સાંસારિક પીતા સજ્જન શેઠ નામે હતા,

એવું આપણા કવિએ લખેલું છે. પણ કોના તે મંત્રી હતા એમ ખુલાસો કર્યો નથી.

પાંચમાં સર્ગમાં મેવાડમાં " રાજકુળ પાટકનગર " કહેલું છે તે કયું શહેર હશે તે જણાતું નથી. એ સર્ગમાં જે લક્ષ રાજા લખેલ છે તે મેવાડના ( ઉદેપુરના ) ઇતિહાસમાં લાખા રાણાના નામથી ઓળખાય છે. જે ચુંડ મંત્રી તેમાં કહેલો છે તે તે લાખારાણાનો પાટવી કુંવર ચોંડા નામે હતો, તેણે પોતાનો હક રાજગાદી ઉપરથી કેમ છોડયો હતો તે વાતનું તથા લાખોરાણો " ગયા " નામના ક્ષેત્રના રક્ષણ માટે મેવાડ છોડીને સીધાવ્યો હતો, ત્યારે ચોંડા કુંવર રાજવહીવટ ચલાવતો હતો તેનું બયાન ટોડ સાહેબે અંગ્રેજીમાં તેમના રાજસ્થાનના ઇતિહાસમાં લખ્યું છે તે ઉપરથી એમ દેખાય છે કે લાખોરાણો મેવાડમાંથી " ગયા " તરફ સીધાવ્યા અને જીવતા હતા ત્યાં સુધી રાજવહીવટ તેમના નામથી ચાલેલો હતો તેથી કવિએ " ચુંડને " મંત્રી લખ્યો છે તે ઠીક છે, લાખોરાણો ચીતોડની ગાદીએ સંવત્ ૧૪૩૯ ( ઇ. સ. ૧૩૮૩ ) માં બેઠો હતો, અને તેમના પછીનો ગાદીપતિ મોકલ રાણો સંવત્ ૧૪૫૪ ( ઇ. સ. ૧૩૯૮ ) માં ગાદીએ બેઠો હતો. હવે આપણે જાણીએ છીએ કે, સંવત્ ૧૪૫૦ માં ઉપાધ્યાયની પદવી મળ્યા પછી સોમસુંદર મુનિ તુરતજ મેવાડમાં રાજકુલ પાટકનગરે ગયા હતા અને તેમનું સામૈયુ કરવામાં ચુંડ મંત્રી સામેલ હતો તેથી ખાત્રી થાય છે કે મેવાડમાં લાખારાણાનું રાજ્ય હતું તે દરમીઆન એ બનાવ બન્યો હતો એટલે એકંદરે જોતાં આપણા કવીનું લખવું સાચું છે. ( આ સંબંધ માટે જુવો ટોડસાહેબના રાજસ્થાનની આવૃત્તિ અંગ્રેજીમાં સને ૧૮૯૮ માં કલકત્તામાં છપાયેલી છે તેના પાને ૨૮૭ થી ૨૯૭ સુધી. )

વળી પાંચમા સર્ગમાં અણહિલપુરનગર લખ્યું છે તે હાલના પાટણ શહેરના નામથી ઓળખાય છે, તે સાચી વાત છે. એ વખતે તે ગુજરાતની રાજધાનીનું શહેર હતું. અને દીલ્હીના બાદશાહનો મુસલમાની સુબો તેમાં રહેતો હતો. સોમસુંદર મુનિને આચાર્ય ( સૂરી ) પદવી પાટણમાં મળી હતી. ( સંવત ૧૪૫૭ ઇ. સ. ૧૪૦૧ ) હવે આ સમય હિંદુસ્થાનના ઇતિહાસમાં ઘણો વીકટ હતો. તૈમુર લેનનો હુમલો હિંદુસ્થાન ઉપર સને ૧૩૯૯ ના સરૂઆતમાં થયો હતો. અને તે હિંદુસ્થાન છોડીને થોડી વખતમાં પાછો ગયો તે પછી દીલ્હીની બાદશાહીની રાજ્યવ્યવસ્થામાં ઘણી ઉથલપાથલ થઇ ગઇ હતી અને પ્રાંતોના ઘણા ખરા સુબાઓ જ્યાં ત્યાં સ્વતંત્રપણે ધણીધારી

થઇ પડયા હતા અને તે મુજબ ગુજરાતમાં પણ થયું હતું. એ સમયે ગુજરાતનો સુબો જાફરખાન હતો, જેણે પાછળથી ગુજરાતની બાદશાહી ધારણ કરતાં પોતાનું નામ મુજફ્ફરશાહ રાખ્યું હતું. દીલ્હીની રાજયસત્તા દોદળી થઇ હતી પરંતુ જાફરખાનના વખતમાં કાંઇ ઠીક બંદોબસ્તને લીધે ગુજરાતમાં કાંઇક શાંતિ હતી. અને આપણે ધારી શકીએ છીએ કે જો એવી શાંતિ ના હોત તો સોમસુંદર ઉપાધ્યાયને સૂરિ પદવી મળી તે અવસરે જે ભારે વ ઠાઠવાળો ઓછવ પાટણમાં નરસીંહ શેઠે કર્યો હતો અને જેનું વર્ણન આપણા કવીએ કાવ્ય અંદર ઝળકતું કર્યું છે તે થવો મુશ્કેલ હતો.

છઠ્ઠા સર્ગમાં જે વૃદ્ધ નગર કહેલું છે, તે હાલનું વડનગર છે એવું તળાવના નામ વિગેરેની ઇંધાણીઓ તથા દંત કથા વિગેરેથી આપણે જાણીએ છીએ. અલબતે હાલ તેની પૂર્વના જેવી આબાદી નથી. મુનિસુંદર વાચકને આચાર્યપદ આ શહેરમાં સોમસુંદર સૂરિએ આપ્યું હતું. પણ કઇ સાલમાં, તે કાવ્ય અંદર બતાવ્યું નથી. જૈન તત્ત્વાદર્શ પાને ૫૮૧ માંથી જણાય છેકે એ સાલ સંવત ૧૪૭૮ ( સને ૧૪૨૨) ની હતી અને એ વખતે ઓછવમાં દેવરાજ શેઠે રૂા. ૩૨૦૦૦) ખર્ચ કર્યા હતા.

સાતમા માર્ગમાં જે ઇલદુર્ગ લખેલું છે તે હાલનું ઇડર શહેર છે, ત્યાં રાવ રણમલનું નામ આજ પણ ઘેર ઘેર ગાવુ છે. ડુંગર ઉપરની એક જગ્યાને લોકો રણમલની ચોકી કહે છે. સોમ સુંદર મુનિને જે સાલમાં એટલે સને ૧૪૦૧ (સંવત ૧૪૫૭)માં સૂરિ પદવી મળી તેજ સાલમાં ઉપર કહેલ મુજફ્ફરશાહે રાવરણમલ ઉપર ચઢાઇ કરી હતી. (જુઓ ફાર્બસ સાહેબની રાસમાળાની અંગ્રેજીમાં સને ૧૮૭૮ની નવી આવૃત્તિના પાને ૨૫૧ માં)

## લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| ડાહ્યાભાઈ. અનોપચંદ. | નગીનદાસ વર્ધમાન. | બાપુલાલ પ્રેમચંદ. |
| મોહનલાલ લખમીચંદ. | સાંકળચંદ લલ્લુભાઇ | કેશવલાલ દામજી |
| મોતીલાલ માણેકચંદ. | મણીલાલ બાલાભાઇ | કેશવલાલ બેહચરદાસ. |
| વાડીલાલ ઉજમલાલ. | મગનલાલ હકમચંદ. | અમૃતલાલ લલ્લુભાઇ |
| ડાહ્યાભાઇ છોટાલાલ. | ચીમનલાલ છોટાલાલ. | પોપટલાલ કેવળદાસ. |
| ભોગીલાલ છોટાલાલ, | જગાભાઇ લલ્લુભાઇ | મનસુખરામ રવચંદ. |
| બુધાલાલ ડાહ્યાભાઇ | ડાહ્યાભાઇ ઉમેદચંદ | કેશવલાલ. નગીનદાસ |
| સોભાગ્યચંદ ચુનીલાલ. | લલ્લુભાઇ જેઠાલાલ. | કેશવલાલ. હેમચંદ. |
| ઉજમસી દીપચંદ. | મગનલાલ કાળીદાસ. | મણીલાલ પુંજાભાઇ |
| ભોગીલાલ મનસુખરામ. | કેશવલાલ બાપાલાલ. | બેહચરદાસ દુલભદાસ. |
| મનસુખભાઇ અમરતલાલ. | અનોપચંદ હઠીસંગ. | રતનચંદભાઇ. |
| સોમચંદ જેતીદાસ. | ચંદુલાલ લલ્લુભાઇ. | ધુળાભાઇ મોતીચંદ, |
| મુલચંદભાઈ રવચંદ. | લલ્લુભાઇ કસ્તુરભાઇ. | ભૂરાભાઇ ત્રીભોવન. |
| ખુશાલદાસ ધરમચંદ. | જેશીંગભાઇ માનચંદ. | દોલતરામ જીવરાજ. |
| મુલચંદભાઇ તલકચંદ. | ફુલચંદ વરજીવનદાસ. | મોહનલાલ કાળીદાસ. |
| મનસુખરામ કરમચંદ. | ડાહ્યાભાઇ મનસુખરામ. | નાથાભાઇ હઠીસંગ. |
| બબાભાઇ વરજીવનદાસ. | દલસુખભાઇ લલ્લુભાઇ. | કેશવલાલ બાપુજી. |
| નાથાલાલ પુરૂસોતમ. | કેશવલાલ નાગજી. | દેવકરણ અદેકરણ. |
| શ્રીજૈનોદય બુદ્ધિસાગરજી સ. | જીવાભાઇ પરભુદાસ. | ભાઇલાલ વ્રજલાલ. |
| હરગોવન દલીચંદ. | ફીલાભાઇ જેઠાભાઇ. | બાપુલાલ વાઘજી. |
| કાળીદાસ જેસીંગ. | સોમચંદ મોતીચંદ. | મગનલાલ અમરચંદ. |
| વાડીલાલ છગનલાલ. | લાલભાઇ વાડીલાલ. | મગનલાલ ફુલચંદ. |
| છગનલાલ મુલજી. | ચુનીલાલ રવચંદ. | લલ્લુભાઇ હકમચંદ. |
| ચીમનલાલ અમથાશા. | ધરમચંદ વેલજી. | છોટાલાલ લખમીચંદ. |
| મનસુખરામ હકમચંદ. | લખમીચંદ લલ્લુભાઇ. | મોહનલાલ છગનલાલ. |
| સુરચંદ પુરૂષોત્તમ. | જેસીંગભાઇ હાકરશી. | આસાભાઇ અમૃતલાલ. |
| છોટાલાલ જેચંદ. | દલસુખભાઇ કેવળદાસ. | |

બાકીના આવતા અંકમાં.

## શોકજનક મરણ.

સત્યવિજય પ્રેસ તથા સત્યવિજય માસિકના અધિપતિ ભાઇ ગીરધરલાલ હકમચંદ અઠ્ઠાવીસ વર્ષની જુવાન વયે એક બાળ વિધવા તથા એક ભત્રિજાને પાછળ મુકી તા. ૪-૮-૦૯ ના રોજ રાત્રે આ ફાનીદુનિયાનો ત્યાગ કરી ગયા છે. તે સ્વભાવે શાન્ત, સરળ, અને પરગજુ હતા. તે જેમના સંબંધમાં આવતા તેમની સાથે સારો સ્નેહ જારી રાખતા. તેમના મિત્ર મંડળમાં તેમના મરણથી ભારે દીલગીરી ફેલાઈ છે. જૈનધર્મનાં લક્ષ્ય સારું હતું. જૈનધર્મનું વ્યાખ્યાન પ્રસંગ પામી સાંભળતા ધર્મની ક્રિયાઓ પણ કરતા હતા. આવા જૈનધર્મીની એક ખોટપડી છે તેથી સ્વાભાવિક લાગી આવે એમ છે. પણ કર્મની આગળ કોઇનું કાંઇ ચાલતું નથી. એમ જાણી ધર્મમાં ઉદ્યમ કરવો.

ૐ શાન્તિ

# ગુરૂદર્શન

અાને

# સપ્તસુવર્ણમય કુંચીઓ.

લેખકઃ–દોશી મણિલાલ નથુભાઇ. બી. એ.

આ પુસ્તકમાં નીતિ અને તત્ત્વજ્ઞાનને શો સંબંધ છે, તે બતાવવામાં આવેલું છે, અને દાન, શીલ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાન; એ સાત સદ્ગુણોપર દૃષ્ટાન્ત સાથે આર્ય પ્રજાને માન્ય સિદ્ધાંતો પ્રમાણે વિવેચન કરવામાં આવેલું છે, તે ઉપર વિદ્વાનો તરફથી સારા અભિપ્રાયો મળેલા છે. ટુંક મુદતમાં બે હજાર નકલો ખપી ગયેલી છે. હાલમાં તેનું હિંદી ભાષામાં ભાષાંતર છપાય છે.

કીંમત ૦—૬—૬ ( પોસ્ટેજ સાથે ).

તા. ક. બુદ્ધિપ્રભા માસિકના ગ્રાહકોને પોસ્ટેજ સાથે ૦–૪–૬ એ મળી શકશે.

મળવાનું ઠેકાણું.

**" બુદ્ધિપ્રભા " ઓફીસ, અમદાવાદ.**

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલપૉપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી હોસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઇ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**" બુદ્ધિપ્રભા " ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**